દાખલ તારીખઃ–૦૬–૦૧–૨૦૧૭

રજી.તારીખઃ– ૦૬–૦૧–૨૦૧૭

ફેંસલ તારીખઃ– ૨૯–૧૧–૨૦૧૮

સમયગાળોઃ– વ. મા. દિ.
૦૧ ૧૦ ૨૨

**<u>ધ્રાંગધ્રાના મહે.બીજા એડીશનલ સેશન્સ જજ (એસ.એમ.રાજપુરોહિત) સાહેબની કોર્ટમા,મુ.ધ્રાંગધ્રા</u>**

**<u>સેશન્સ કેસ નં. ૦૨/૨૦૧૭</u>**
**આંકઃ–૮૪**

શ્રી સરકાર .................ફરીયાદી

***<u>વિરુધ્ધ</u>***

(૧) રજનીકાંત ઉર્ફે ટીનો કેશવલાલ વાણીયા
ઉ.વ.૨૮,ધંધો–મજુરી
રહે.ધ્રાંગધ્રા, આંબેડકરનગર

(૨) ભોલો ઉર્ફે રમેશભાઈ અમરશીભાઈ રાઠોડ
ઉ.વ.૩૭,ધંધો–મજુરી
રહે.ખારીશેરી,ધ્રાંગધ્રા

(૩) મુકેશભાઈ ઉર્ફે ઉપેન્દ્ર પરસોતમભાઈ પરમાર
ઉ.વ.૨૮,ધંધો–મજુરી
રહે.ધ્રાંગધ્રા, આંબેડકરનગર ..................આરોપીઓ

**ગુનોઃ**–ઈ.પી.કો.ક.૧૮૬,૩૫૩,૩૩૨,૩૩૩,૪૭૭,૨૯૪(ખ),૪૨૭,૫૦૪,૫૦૬(૨),૧૧૪ મુજબ

---

શ્રી સરકાર તરફે વિ.એજીપીશ્રી વી.એચ.ભટ્ટ
આરોપી નં.૧ અને ૩ તરફે વિ.વકીલશ્રી એમ.વી.ઉપાધ્યાય
આરોપી નં.૨ તરફે વિ.વકીલશ્રી જે.બી.જાની

---

**<u>ઠ રા વ</u>**

**(૧)** આ કામના તહોમતદારોની ધરપકડ તા. ૮/૧૦/૨૦૧૬ ના રોજ ધ્રાંગધ્રા સીટી પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં. ૬૪/૨૦૧૬ થી ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૬, ૩૫૩, ૩૩૨, ૩૩૩, ૪૭૭, ૨૯૪(ખ), ૪૨૭, ૫૦૪, ૫૦૬(૨),૧૧૪ મુજબના ગુના સબબ થયેલ છે.ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન આ કામના તહોમતદારોને જામીન મુકત કરવામા આવેલ છે.આ કામે તહોમતદારો વિરુધ્ધ ચાર્જશીટ રજુ કરવામા આવેલ છે અને વિ.એડી.ચીફ.જયુ મેજીસ્ટ્રેટશ્રીની અદાલતમા ફોજદારી કેસ નં. ૯૧૯/૧૬ થી નોંધવામા આવેલ છે.આક્ષેપિત ગુનો ચલાવવાની સત્તા સેશન્સ અદાલતને હોય વિ.મેજીસ્ટ્રેટશ્રી દવારા સદરહુ કેસ આગળની ઈન્સાફી કાર્યવાહી માટે સેશન્સ કોર્ટ, ધ્રાંગધ્રાનાઓને મોકલી આપેલ અને ત્યારબાદ ઉપરોકત મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી તહોમતદારો વિરુધ્ધ હાથ ધરવામા આવેલ છે.

**(૨)** ફરીયાદપક્ષની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી ગૌતમભાઈ રતીલાલ ભાવસાર, પોલીસ હેડ કોન્સ્ટેબલ,ધ્રાંગધ્રા પોલીસ સ્ટેશનાઓએ તા. ૭/૧૦/૧૬ ના રોજ પોલીસ સબ ઈન્સપેકટર એ.બી.ગોહીલ, ધ્રાંગધ્રા સીટી પોલીસ સ્ટેશન રુબરુ નોંધાવેલ છે અને જેમા ફરીયાદીએ જણાવેલ છે કે જણાવેલ છે કે, તા. ૭/૧૦/૧૬ ધ્રાંગધ્રા ટાઉનમા જેલની બાજુમા જુગાર અંગેની રેઈડ કરેલ જે અનુસંધાને જુગાર રમતા ચાર આરોપીઓને પકડેલ અને ધ્રાંગધ્રા સીટી પો.સ્ટે.મા સેકન્ડ ગુ.ર.નં. ૮૬/૧૬,જુગારધારા કલમ ૧૨ મુજબનો ગુનો દાખલ થયેલ જેની તપાસ તેઓ કરી રહયાં હતા

(૨.૧) ફરીયાદી ગૌતમભાઈ ભાવસારે વધુમા પોતાની ફરીયાદમા જણાવેલ છે કે આરોપીઓને પોલીસ કાર્યવાહી માટે પોલીસ લોકઅપમા રાખેલા હોય જેથી ધ્રાંગધ્રા આંબેડકરવાસમા રહેતા રજનીકાંત ઉર્ફે ટીનો કેશવલાલ વાણીયા તથા ભોલો ઉર્ફે રમેશભાઈ અમરશીભાઈ રાઠોડ તથા મુકેશભાઈ પરસોતમભાઈ વિગેરે રાત્રીના સાડા આઠેક વાગ્યે પોલીસ સ્ટેશનમા આવેલા અને તે વખતે પોલીસ સ્ટેશનમા પો.સ.ઈ.શ્રી ડી.બી.વળવી તથા હેડ કોન્સ. ભુપતભાઈ કરમશીભાઈ તથા ગૌતમ રતીલાલ તથા પંકજભાઈ ડાયાભાઈ વિગેરે પોલીસ સ્ટેશનમા હાજર હતા અને પી.એસ.ઓ. તરીકે ડી.ડી.લકુમ તથા વાયરલેસમા પો.કોન્સ. નિકુલસિંહ હાજર હતા.

(૨.૨) ફરીયાદી ગૌતમભાઈ ભાવસારે વધુમા પોતાની ફરીયાદમા જણાવેલ છે કે આ વખતે ઉપરોકત ત્રણેય માણસો પોલીસ સ્ટેશનમા સીધા લોકઅપ પાસે ગયેલા અને બોલવા

લાગેલ કે પોલીસ કેમ છોડતી નથી પોલીસે ખોટો કેસ કરેલ છે તેમ કહી બિભત્સ ગાળો બોલવા લાગેલા ત્યારે તેઓને પી.એસ.ઓ.એ સમજાવેલ કે પોલીસ તપાસ કાર્યવાહી ચાલુ છે જે કાર્યવાહી પુરી થાય ત્યારબાદ આગળની કાર્યવાહી કરવામા આવશે તેમ જણાવતા તેઓ ગાળો બોલી જતા રહેલા.

(૨.૩) ફરીયાદી ગૌતમભાઈ ભાવસારે વધુમા પોતાની ફરીયાદમા જણાવેલ છે કે ત્યારબાદ ફરીથી રાત્રીના ૧૧–૦૦ વાગ્યાના સુમારે રજનીકાંત ઉર્ફે ટીનો કેશવલાલ વાણીયા તથા ભોલો ઉર્ફે રમેશભાઈ અમરશીભાઈ રાઠોડ તથા મુકેશભાઈ ઉર્ફે ઉપેન્દ્ર પરસોતમ પરમાર ત્રણેય પોલીસ સ્ટેશનમા આવેલા.તે વખતે પોલીસ સ્ટેશનમા હેડ કોન્સ. ભુપતભાઈ કરમશીભાઈ તથા ગૌતમ રતીલાલભાઈ તથા પંકજભાઈ ડાયાભાઈ હાજર હતા અને પી.એસ.ઓ. તરીકે ડી.ડી.લકુમ તથા વાયરલેશમા નિકુલસિંહ હાજર હતા. આ ઉપરોકત પોલીસના માણસો હાજર હોય અને આ ત્રણેય પોલીસ સ્ટેશનમા આવેલા અને ફરીયાદીને આ ત્રણેય જેમ ફાવે તેમ બિભત્સ ગાળો આપવા લાગેલા અને પી.એસ.ઓ.ડી.ડી.લકુમને કહેલ કે લોક અપ ખોલી આરોપીઓને બહાર કાઢો જેથી પી.એસ.ઓએ ના પાડતા આ ત્રણેય એકદમ ઉશ્કેરાઈ જઈ બેફામ ગાળો બોલવા લાગેલ અને બોલેલ કે પોલીસ સ્ટેશન સળગાવી દેવુ છે.

(૨.૪) ફરીયાદી ગૌતમભાઈ ભાવસારે વધુમા પોતાની ફરીયાદમા જણાવેલ છે કે જેથી આ લોકોને સમજાવતા ત્રણેય ઈસમોએ મારો કાઠલો પકડી છાતીમા ઢીકા મારવા લાગેલા અને પહેરેલ શર્ટ ફાડી નાખેલ અને આ ત્રણેય જણા બોલવા લાગેલ કે તુ બહાર મોચીવાડમા આવ તને છરીના ઘોદા મારી તારુ ખૂન કરી નાખવુ છે તેવી ધમકી આપેલ. આ વખતે પો.કોન્સ. પંકજભાઈ પી.એસ.ઓ.ના ટેબલ પાસે ઉભા હોય તેના હાથમા કોર્ટના સમન્સ વોરંટ હોય જે રજનીકાંત ઉર્ફે ટીનો કેશવલાલ વાણીયાનાઓએ જુટવી ફાડી નાખી નીચે પી.એસ.ઓ.ના ટેબલ પાસે ફેંકી દીધેલ.તે વખતે પોલીસ સબ ઈન્સપેકટર એ.બી.ગોહીલ આવી ગયેલ અને તેઓ બિભત્સ ગાળો બોલતા હોય જેથી ત્રણેયને પકડી લીધેલ અને પી.એસ.ઓ.ના ટેબલ પાસે બેસાડી દીધેલ.

(૨.૫) ફરીયાદીએ વધુમા પોતાની ફરીયાદમા જણાવેલ છે કે ઉપરોકપ ત્રણેય ઈસમો જુગારધારા કલમ ૧૨ મુજબના કામના આરોપીઓને પકડેલ હોય જેને છોડાવવા માટે પોલીસ સ્ટેશનમા આવી બિભત્સ ગાળો બોલી પોલીસની ફરજમા રુકાવટ કરી ,ફરીયાદીનો કાંઠલો પકડી તેમના પર હુમલો કરી,છાતીમા ઢીકા મારી શર્ટ ફાડી નાખી ફરીયાદીનુ ખૂન કરી નાખવાની ધમકી આપી સરકારી સમન્સ વોરંટ ફાડી નાખેલ હોય જેથી ત્રણેય ઈસમો વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહીમા રુકાવટ કરી એકબીજાની મદદગારી કરી ઈ.પી.કો.ક.૧૮૬, ૩૫૩, ૩૩૨, ૨૯૪(ખ), ૪૨૭,

૫૦૪, ૫૦૬(૨),૧૧૪ મુજબનો ગુનો કરેલ હોય તેઓની સામે તેમની ધોરણસરની ફરીયાદ છે.તે મુજબની ફરીયાદ ધ્રાંગધ્રા પોલીસ સ્ટેશનમા ફર્સ્ટ ગુ.ર.નં. ૬૪/૧૬ થી નોંધવામા આવેલ.

**(૩)** આ કામે ફરીયાદીની ફરીયાદ નોંધી તપાસ કરનાર અધિકારીશ્રી ડી.બી.વળવીએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી, ઈજા પામનાર ફરીયાદી ગૌતમભાઈ ભાવસારને સારવાર માટે ધ્રાંગધ્રા સરારી હોસ્પિટલ તરફ મોકલી આપેલ તથા બનાવવાળી જગ્યાનુ પંચનામુ પંચો રુબરુ કરેલ અને ફરીયાદીનુ ફાટેલ શર્ટ પંચોની હાજરીમા તપાસના કામે કબજે કરી પંચનામુ કરેલ.તદઉપરાંત ઈજા પામનાર ફરીયાદીનુ સારવારનુ સર્ટિફીકેટ તપાસના કામે મેળવી આરોપીઓ વિરુઘ્ધ પુરતો પુરાવો મળી આવતા તપાસ કરનાર અમલદારશ્રીએ આરોપીઓ વિરુઘ્ધ સદરહુ ચાર્જશીટ ધ્રાંગધ્રાના વિઘ્વાન એડી.ચીફ.જયુ.મેજી.શ્રી સમક્ષ રજુ થતા સદરહુ આક્ષેપિત ગુનાઓની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા એકમાત્ર સેશન્સ અદાલતને હોય વિ.એડી.ચીફ.જયુ.મેજી.શ્રી,ધ્રાંગધ્રાનાઓએ તહોમતદારોને તમામ પોલીસ પેપર્સની નકલો વિનામુલ્યે પુરી પાડીને ત્યારબાદ ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૯ અન્વયે પ્રસ્તુત કેસ કમીટ કરતા સદરહુ કેસ સેશન્સ કેસ નં.૨/૨૦૧૭ થી નોંધાયેલ.ત્યારબાદ આ કેસની ઈન્સાફી કાર્યવાહી માટે અત્રેની અદાલત સમક્ષ આવતા આ કામની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.ત્યારબાદ આ કામે તહોમતદારો વિરુઘ્ધ આ ગુનાની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.ત્યારબાદ આ કામે તહોમતદારો વિરુઘ્ધ આ ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવી શકાય તેટલા પુરતા પુરાવાઓ મળી આવતા તહોમતદારો વિરુઘ્ધ આંક–૨૦ થી સયુંકત તહોમતનામુ મારા પુરોગામી વિ.ન્યાયાધીશશ્રીએ ફરમાવેલ અને આરોપીઓએ આંક–૨૧–૨૨–૨૩ થી તેઓને આ ગુનો કબુલ ન હોવાનુ જણાવી પોતાનો બચાવ કરવાનુ પસંદ કરેલ છે અને કેસ આગળ ચલાવવા માગે છે તેવુ જણાવેલ છે.

**(૪)** આ કામે ફરીયાદપક્ષે પુરાવાના તબકકે નીચે મુજબનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામા આવેલ છે.

## *મૌખિક પુરાવો*

| અ.નં | સાક્ષીનુ નામ | સાક્ષી / સાહેદ | આંક |
|---|---|---|---|
| ૧ | પંચ ગાંડાભાઈ કરશનભાઈ રાઠોડ<br>(આંક–૨૫ ફરીયાદીના કપડા કબજે કર્યાનુ પંચનામુ) | પંચ નં.૧ | આંક–૨૪ |
| ૨ | પંચ સીકદરભાઈ ઈસાભાઈ માણેક | પંચ નં.૨ | આંક–૨૬ |

| | | | |
|---|---|---|---|
| | (આંક–૨૫ ફરીયાદીના કપડા કબજે કર્યાનુ પંચનામુ) | | |
| ૩ | ડો.સંગીતાપ્રસાદ અરુણપ્રસાદ | સાહેદ | આંક–૩૦ |
| ૪ | સાહેદ પંકજભાઈ ડાયાભાઈ દુલેરા | સાહેદ | આંક–૩૪ |
| ૫ | પંચ મેહુલભાઈ વિષ્ણુપ્રસાદ વ્યાસ<br>(આંક–૩૬ બનાવવાળી જગ્યાનુ પંચનામુ) | પંચ નં.૨ | આંક–૩૫ |
| ૬ | પંચ લગધીરભાઈ રુપાભાઈ દેત્રોજા<br>(આંક–૩૬ બનાવવાળી જગ્યાનુ પંચનામુ) | પંચ નં.૧ | આંક–૩૮ |
| ૭ | સાહેદ ભુપતભાઈ કરમશીભાઈ દેથળીયા | સાહેદ | આંક–૩૯ |
| ૮ | સાહેદ દલસુખભાઈ ડાયાભાઈ લકુમ | સાહેદ | આંક–૪૦ |
| ૯ | સાહેદ નિકુલસિંહ રઘુવિરસિંહ | સાહેદ | આંક–૪૩ |
| ૧૦ | સાહેદ યાકુબભાઈ આનંદભાઈ વસાવા | સાહેદ | આંક–૪૮ |
| ૧૧ | સાહેદ ખુમાનસિંહ હેમુભા ડોડીયા | સાહેદ | આંક–૫૦ |
| ૧૨ | સાહેદ અનિરુધ્ધસિંહ ભુપેન્દ્રસિંહ ગોહીલ | પોલીસ સાહેદ | આંક–૫૧ |
| ૧૩ | ફરીયાદી ગૌતમભાઈ રતીલાલ ભાવસાર<br>(ફરીયાદી ઈજા પામનાર) | ફરીયાદી | આંક–૫૬ |
| ૧૪ | ત.ક.અ.દિલીપભાઈ બ્રિજલાલભાઈ વળવી | તપાસ કરનાર અમલદાર | આંક–૬૦ |

## ***દસ્તાવેજી પુરાવો***

| **અ.નં.** | **દસ્તાવેજની વિગત** | **આંક** | **તારીખ** |
|---|---|---|---|
| ૧ | ઈજા પામનારનો બુશર્ટ કબજે કર્યાનુ પંચનામુ | આંક–૨૫ | ૮/૧૦/૨૦૧૬ |
| ૨ | પોલીસ યાદી | આંક–૩૧ | ૮/૧૦/૨૦૧૬ |
| ૩ | ધ્રાંગધ્રા.સી.એચ.સી.ના<br>એમ.એલ.સી.કેસપેપર્સ | આંક–૩૨ | ૮/૧૦/૨૦૧૬ |
| ૪ | ધ્રાંગધ્રા સી.એચ.સી.નુ ફરીયાદીનુ સર્ટિફીકેટ | આંક–૩૩ | ૮/૧૦/૨૦૧૬ |
| ૫ | બનાવવાળી જગ્યાનુ પંચનામુ | આંક–૩૬ | ૮/૧૦/૨૦૧૬ |
| ૬ | એફ.આઈ.આર. | આંક–૪૧ | ૮/૧૦/૨૦૧૬ |
| ૭ | બારનીશી રજીસ્ટરની નકલ | આંક–૪૯ | – |
| ૮ | અસલ ફરીયાદ | આંક–૫૨ | ૭/૧૦/૨૦૧૬ |
| ૯ | સારવાર સર્ટિફીકેટ મેળવવા માટેની યાદી | આંક–૬૧ | ૮/૧૦/૨૦૧૬ |
| ૧૦ | ધ્રાંગધ્રા સીટી પો.સ્ટે.સ્ટે.ડા.એન્ટ્રી નં. ૫/૧૬ ની નકલ | આંક–૬૨ | ૮/૧૦/૨૦૧૬ |

**(૫)** ફરીયાદપક્ષ તરફે વિ.એપીપીશ્રી વી.એચ.ભટ્ટનાઓએ ફરીયાદપક્ષે વધુ કોઈ પુરાવો

આપવો નથી તે મુજબની પુરશીશ આંક–૬૪ થી રજુ થયેલ છે.

**(૬)** આ કામના આરોપીઓ વિરુધ્ધ ફરીયાદપક્ષે રજુ કરેલ મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ ઘ્યાને લઈ જણાતા સંજોગોનો ખુલાસો કરવાની તક આપી ફરીયાદપક્ષે પુરાવો પુરો થયા બાદ ક્રિ.પ્રો.કો.કલમ ૩૧૩ અન્વયે આરોપીઓનુ વિશેષ નિવેદન નોંધતા આરોપીઓને વિશેષમા કાંઈ કહેવા બાબતે પુછતા તેઓએ જણાવેલ છે કે તેઓ નિર્દોષ છે અને ખોટી રીતે તેઓની સામે ખોટો કેસ ઉભો કરી સંડોવી દીધેલ છે.

**(૭)** આ કામે આરોપીઓ વિરુધ્ધ આંક–૨૦ થી તહોમતનામુ મારા પુરોગામી ન્યાયાધીશશ્રીએ ફરમાવેલ છે તથા આ કામનો પુરાવો મારા વિ.પુરોગામી ન્યાયાધીશશ્રીએ લીધેલ છે.

**(૮)** સદરહુ કામે સરકારશ્રી તરફે વિ.એપીપીશ્રી તથા બચાવપક્ષે વિ.વકીલશ્રીઓએ રજુ કરેલ આંક–૭૧ અને આંક–૭૩ ની લેખીત દલીલો વંચાણે લીધી.

**(૯)** આ કામે ફરીયાદપક્ષે વિ.એપીપીશ્રી વી.એચ.ભટ્ટનાઓએ તેમની દલીલમા જણાવેલ છે કે આ કામના આરોપીઓ સામે ઈ.પી.કો.ક. ૧૮૬,૩૫૩,૩૩૨,૩૩૩,૪૭૭, ૨૯૪(ખ),૪૨૭,૫૦૪,૫૦૬(૨),૧૧૪ મુજબનો ગુનો નોંધાયેલ છે.ઉપરોકત ગુના સબબ આ કામના આરોપીઓ સામે આંક–૨૦ થી તહોમતનામુ ફરમાવવામા આવેલ.આ કામે ફરીયાદપક્ષનો કેસ એવો છે કે તા. ૭/૧૦/૧૬ ના રોજ ધ્રાંગધ્રા સીટી પો.સ્ટેશન સેકન્ડ ગુ.ર.નં. ૩૦૮૬/૧૬, જુગારધારા કલમ ૧૨ મુજબનો ગુનો રજીસ્ટર થયેલ હોય અને આ કામની તપાસ ફરીયાદી કરતા હોય અને તેઓ તપાસના કામે પોલીસ સ્ટેશનમા હાજર હતા તે વખતે આરોપીઓ પ્રથમ રાત્રીના કલાક ૨૦–૦૦ વાગ્યે પો.સ્ટેશનમા આવી તે ગુનાના આરોપીઓને છોડાવવા માટે પોલીસ સાથે ગેરવર્તન કરી ચાલ્યા ગયેલ અને ત્યારબાદ આરોપીઓ ફરી રાત્રીના કલાક ૨૩–૦૦ વાગ્યે પો.સ્ટેશન આવી પી.એસ.ઓ.ને. કહેલ કે આરોપીઓને જેલમાથી બહાર કાઢો જેથી ફરીયાદી વચ્ચે પડતા અને સમજાવતા આરોપીઓ ઉશ્કેરાઈ જઈ ફરીયાદી ઉપર હુમલો કરી ફરીયાદીને ઢીકાપાટુનો માર મારી અને ફરીયાદીને અપર ચેસ્ટ ઉપર ફેકચર કરી ગાળો આપી તથા આરોપી નં.૧ રણજીતભાઈ વાણીયાએ આ કામના સાહેદ પો.કોન્સ. પંકજભાઈ દુલેરા

પાસે રહેલ ધ્રાંગધ્રા કોર્ટના સમન્સ–વોરંટ ઝુંટવી લઈ ફાડી નાખી ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી સરકારી કામમા રૂકાવટ કરી અને ગુનો કરવામા એકબીજાની મદદગારી કરી ગુનો કરેલ હોવાના આક્ષેપો છે.આ કામે ફરીયાદપક્ષે વિ.એપીપીશ્રીએ તેમની દલીલમા જણાવેલ છે કે આંક–૩૦ થી ડો.સંગીતાપ્રસાદ અરુણપ્રસાદને તપાસવામા આવેલ છે આ સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સંપુર્ણ સમર્થન આપે છે અને ફરીયાદીને જે ઈજા થયેલ છે તે ઈજા તેમણે તેમના પુરાવામા તથા સર્ટિફીકેટમા જણાવેલ છે.વધુમા દલીલમા જણાવેલ છે કે આંક–૫૬ થી આ કામના ફરીયાદી ગૌતમભાઈ રતીલાલ ભાવસારને તપાસેલ છે અને તેઓએ તેમના પુરાવામા આક–૫૨ ની ફરીયાદ ઓળખી બતાવેલ છે અને ફરીયાદ હકીકતને સંપુર્ણપણે સમર્થન આપેલ છે.વધુમા દલીલમા જણાવેલ છે કે, આ કામે તપાસવામા આવેલ પંચસાહેદો ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરવામા આવેલ છે પરંતુ ત.ક.અમલદારની જુબાનીથી પંચનામાની હકીકતોને સમર્થન મળે છે.વધુમા દલીલમા જણાવેલ છે કે આ કામે સાહેદ પંકજભાઈ દુલેરા આંક–૩૪ થી તેમજ સાહેદ ભુપતભાઈ દેથળીયા આંક–૩૯ થી તથા સાહેદ દલસુખભાઈ લકુમ તથા સાહેદ નિકુલસિંહ ,સાહેદ યાકુબભાઈ આનંદભાઈ, સાહેદ ખુમાનસિંહ ડોડીયા તથા સાહેદ અનિરુધ્ધસિંહે ફરીયાદપક્ષની હકીકતને પોતાના મૌખીક પુરાવાથી સમર્થન આપેલ છે.વધુમા દલીલમા જણાવેલ છે કે આ કામે તપાસવામા આવેલ પોલીસ સાહેદોએ તેઓએ કરેલ કાર્યવાહી અંગે ફરીયાદપક્ષને સમર્થન આપેલ છે અને ત.ક.અમલદારના પુરાવાથી તેમજ ડોકટર સાહેદોના પુરાવાથી બનાવની હકીકતોને સમર્થન મળેલ છે.આમ તમામ હકીકતો ધ્યાને લેતા આ કામના ફરીયાદપક્ષ આરોપીઓ સામેનો કેસ પુરાવાથી નિશઃકપણે પુરવાર કરેલ છે.જેથી આ કામના આરોપીઓને ઉપરોકત ગુના સબબ તકસીરવાર ઠરાવવા દલીલમા જણાવેલ છે.

**(૧૦)** આ કામે બચાવપક્ષે આરોપી નં.૨ તરફે વિ.વકીલશ્રીએ તેમની આંક–૭૧ ની લેખીત દલીલમા મુખ્યત્વે જણાવેલ છે કે,આરોપી સામે જે તહોમત મુકાયેલ છે તે ખોટુ અને ફકત એક વૈમનસ્યના કારણે તથા ખોટી રીતે ફરીયાદપક્ષ તરફથી જુગારના કેસના આરોપી બનાવતા હોઈ અને તે અંગે આરોપીઓ તરફે વિરોધ કરેલ હોઈ આરોપીઓને તેમા સંડોવવા દબાણ કરી ખોટી ફરીયાદ હકીકત ઉભી કરી પોતાના જ પોલીસ કર્મીઓને સાહેદ બનાવી ખોટુ તહોમત મુકાયેલ છે. વધુમા દલીલમા જણાવેલ છે કે આરોપી તદૃન નિર્દોષ છે.

વધુમા દલીલમા જણાવેલ છે કે આ કામે તપાસવામા આવેલ પંચસાહેદો હોસ્ટાઈલ થયેલ

છે અને પંચનામાને કોઈ જ રીતે સમર્થન આપેલ નથી જેથી સદર પુરાવાને કોઈ જ રીતે કાયદા મુજબ ધ્યાને લઈ શકાય તેમ નથી.

વધુમા દલીલમા જણાવેલ છે કે આ કામે જે સાહેદો તપાસવામા આવેલ છે તે પૈકીના તમામ સાહેદો પોલીસ સ્ટાફના માણસો જ છે, સ્વંતત્ર સાહેદો મળી આવવા છતાં તેઓના કોઈ નિવેદનો લેવાયેલ નથી કે ચાર્જશીટમા રજુ કરાયેલ નથી.વધુમા દલીલમા જણાવેલ છે કે ફરીયાદપક્ષ મારફત પોતાની સત્તાનો ખોટો દુરઉપયોગ કરી પાછળથી મેળાપી કરી ખોટી હકીકતો ઉપજાવી કાઢી ખોટો પુરાવો ઉભો કરેલ હોવાનુ પ્રથમ રીતે જ જણાતુ હોય ફરીયાદપક્ષનો અખાખો કેસ શંકાસ્પદ છે અને તેના આધારે આરોપીને સજા કરી શકાય નહી.વધુમા દલીલમા જણાવેલ છે કે આરોપીને ખોટા કેસમા ફસાવવા પોલીસ કર્મીઓએ એકઠા મળી આખો બનાવ ઉભો કરી આરોપીઓને તેમના ઘરેથી પકડી લાવી ખોટી ફરીયાદ કરી ખોટા આક્ષેપો કરેલ છે.વધુમા દલીલમા જણાવેલ છે કે આક્ષેપ મુજબ જે સાહેદોને હાજર બતાવેલ છે તેઓ તે સમયે હાજર હોવાનો કોઈ દસ્તાવેજી પુરાવો આ કામે રજુ નથી.કાયદા મુજબ દરેક પોલીસ સ્ટેશનના કર્મીઓ વચ્ચે કામની વહેંચણી કરવામા આવે છે અને તે લેખીતમા જ સોંપવામા આવે છે જે અંગેનો પુરાવો આ કામે રજુ નથી.વધુમા દલીલમા જણાવેલ છે કે સમન્સ તથા વોરંટના કાગળો જે તે પોલીસ કર્મી પોતાની કસ્ટડીમા રાખતા હોય છે જેથી પણ તે પંકજભાઈ પાસે કેવી રીતે આવેલ અને આક્ષેપ મુજબ ફાડી નાખવામા આવેલ હોય તેમ બની શકે નહી તેમ છતાં ખોટો પુરાવો ઉભો કરેલ હોય તેમ જણાય છે.વધુમા દલીલમા જણાવેલ છે કે પ્રોસીકયુશન તરફે રજુ સમન્સ વોરંટની બજવણીનુ લીસ્ટ જોતા તેમા જે જે કર્મીઓને તેની બજવણીની કામગીરી સોંપેલ છે તેઓ બનાવ સમયે હાજર હતા નહી તેમ ફરીયાદપક્ષના પુરવાથી જ સાબિત થાય છે જેથી પણ આવા સમન્સ વોરંટ ફાડી નાખવામા આવેલ હોવાની હકીકત પ્રથમ રીતે જ માની શકાય નહી.વધુમા દલીલમા જણાવેલ છે કે જે રજીસ્ટરનો ઉતારો રજુ છે તેમા પંકજભાઈને તે સમન્સ વોરંટની કામગીરી સોંપવામા આવેલ હોય તેમ જણાતુ નથી જેથી પંકજભાઈના હાથમાથી સદર કાગળો લઈ ફાડી નાખવામા આવેલ હોય તે હકીકત માની શકાય તેમ નથી.

વધુમા દલીલમા જણાવેલ છે કે આંક–૫૧ થી ધ્રાંગધ્રા પો.સ્ટે.ના પી.એસ.આઈ. ગોહીલને તપાસેલ છે તેઓએ પણ પોલીસ કર્મી હોય સમર્થન કરતો પુરાવો આપવાનો પ્રયત્ન કરેલ છે પરંતુ બનાવ તેઓએ નજરે જોયેલ નથી.તેઓને ફોન આવતા પોલીસ સ્ટેશને હાજર થયેલ અને ફરીયાદીની ફરીયાદ લીધેલ અને ઉલટતપાસમા કબુલ કરેલ છે કે ફાટેલા કાગળો પી.એસ.ઓ.ના ટેબલ પાસે પડેલ હતા અને કોણે ફાડયા તેની જાતમાહીતી નથી.

વધુમા દલીલમા જણાવેલ છે કે ફરીયાદીની ફરીયાદને તમામ સાહેદો ખોટો પુરાવો આપવાનો પ્રયત્ન કરેલ છે તેમના જ કથન મુજબ આરોપીઓ રાત્રીના સાડા અગીયાર વાગે આવેલ અને ગાળો બોલવા લાગેલ અને પંકજભાઈના હાથમા સમન્સ/વોરંટના કાગળો ફાડી નાખેલ અને ફરીયાદીનો કાંઠલો પકડેલ અને છાતીના ભાગે ઢીકા મારેલા, સદર હકીકત જોતા ફરીયાદ મુજબના પોલીસ કર્મીઓ હાજર હતા તો તેઓએ ફરીયાદીને છોડાવવાનો પ્રયત્ન કરેલ હોય તેવો પુરાવો કે જવાબમા લેશમાત્ર કથન નથી.વધુમા દલીલમા જણાવેલ છે કે કથન મુજબ બનાવ બનેલ હોય તો ખુબ જ દેકારો થયેલ હોય અને બનાવ સ્થળ જાહેર રોડ પર આવેલ છે અને વાહનોની અને માણસોની અવરજવરવાળો એરીયા છે જેથી અન્ય માણસો પણ દોડી આવે પરંતુ તેમ બનેલ નથી જેથી પણ ફરીયાદીને આરોપીઓએ માર મારેલાનુ અને શર્ટ ફાડી નાખેલા હોવાનો પુરાવો પણ શંકાસ્પદ છે.

વધુમા દલીલમા જણાવેલ છે કે મેડીકલ પુરાવો જોતા ઈજા પામનાર ફરીયાદીને આખા શરીર પર નહોરીયાના નિશાન હતા, જો આક્ષેપ મુજબ ઢીકાપાટુ મારેલ હોય તો નખોરીયાના નિશાન આવે નહી.વધુમા દલીલમા જણાવેલ છે કે ફરીયાદીનો તથા સાહેદોનો પુરાવો મેડીકલ પુરાવાથી વિરોધાભાસી પુરાવો આવે છે.વધુમા દલીલમા જણાવેલ છે કે મેડીકલ ઓફીસર મારફત એકસ–રે લેવામા આવેલ હોવાનુ જણાવે છે અને પાંસળીના ભાગે ફેકચર હોવાનુ જણાવે છે પરંતુ આવો કોઈ એકસ–રે લીધેલ હોય તેવો પુરાવો રજુ નથી.વધુમા દલીલમા જણાવેલ છે કે ફરીયાદીને ઉઝરડાના નિશાનો અને અન્ય ઈજાઓ જે થયેલ છે તે શંકાસ્પદ છે.

વધુમા દલીલમા જણાવેલ છે કે આંક–૨૫ નુ શર્ટ કબજે કરેલાનુ પંચનામુ જોતા તેમા ડાબી બાજુનુ અડધુ ખિસ્સુ ફાટેલ છે અને ઉપરના ભાગે કાપો છે તો કોઈ માણસના હાથથી પોલીસ ડ્રેસના શર્ટ પર કાપો થઈ શકે નહી.

વધુમા દલીલમા જણાવેલ છે કે આ કામે પો.કોન્સ.યાકુબભાઈને તપાસેલ છે અને તેઓએ બનાવ જોયેલ નથી કે હાજર હતા નહી તેવો તેમનો પુરાવો છે તેઓએ બનાવની હકીકત પાછળથી જાણેલ છે અને તેઓ નિવેદનમા જણાવે છે કે સમન્સ બજવણીની કામગીરી ખુમાનસિંહ તથા ભુપતભાઈ કરતા હતા અને તેઓને બારનીશી બુક મુજબ કાગળો આપેલ તો પછી તે કાગળો પંકજભાઈ દુલેરા પાસે કેવી રીતે આવેલ તે હકીકત તથા તેના હાથમાથી તમામ કાગળો રજનીકાંતભાઈએ ફાડી નાખેલા તે હકીકત માની શકાય નહી જેથી તે હકીકત શંકાસ્પદ બને છે.વધુમા દલીલમા જણાવેલ છે કે આંક–૪૦ થી ડી.ડી.લકુમને તપાસેલ છે અને તેઓ પી.એસ.ઓ.ના ચાર્જમા હતા અને તેઓ પણ પોલીસકર્મી હોય ફરીયાદને અનુરુપ પુરાવો

આપવાનો નિર્થક પ્રયત્ન કરેલ છે અને તેઓ હાજર હોવાની હકીકત પણ શંકાસ્પદ છે.વધુમા જણાવેલ છે કે આંક–૩૯ થી પો.કો. ભુપતભાઈને તપાસેલ છે અને તેઓ તેમના પુરાવામા જણાવેલ છે કે પોતે,પંકજભાઈ,શ્રી વળવી,ભાવસારભાઈ,શ્રી લકુમ,નિકુલસિંહ હાજર હતા જયારે શ્રી વળવી તેમના પુરાવામા પોતે હાજર હતા નહી તેમ જણાવે છે.

વધુમા દલીલમા જણાવેલ છે કે આંક–૫૬ થી ફરીયાદી શ્રી ભાવસારને તપાસેલ છે અને તેઓએ વિરોધાભાસી પુરાવો આપેલ છે, તેઓ પુરાવામા જણાવેલ છે કે મને છાતીના ડાબી બાજુના ભાગે આરોપીઓ ઢીકાપાટુનો માર મારેલ, જયારે મેડીકલ પુરાવા મુજબ પીઠ પાછળના ભાગે પણ ચકામા થયેલ હોય તેવો પુરાવો છે.તેમજ તેઓ એમ પણ જણાવે છે કે તે સમયે પો.સ્ટે.મા પી.એસ.આઈ. ગોહીલ હાજર હતા, જયારે પી.એસ.આઈ. ગોહીલ તેમના પુરાવામા બનાવ સમયે હાજર હતા નહી તેમ જણાવે છે.આમ ફરીયાદીનો પુરાવો વિરોધાભાસી છે.વધુમા જણાવેલ છે કે હાલના કેસ અગાઉના જુગારના કેસની તપાસ હાલના ફરીયાદીને સોંપાયેલ હોય તેવો પણ કોઈ પુરાવો રજુ કરાયેલ નથી.

વધુમા દલીલમા જણાવેલ છે કે લોકઅપમા રહેલ સદર આરોપીઓ હાલના કેસના આરોપીઓના કોઈ સગા થતા હોય તેવો પણ પુરાવો રજુ નથી કે તે માટે હાલના આરોપીઓ આક્ષેપ મુજબનુ કાર્ય કરે.જેથી ઉપરોકત તમામ રજુઆત તથા પડેલ પુરાવા ઘ્યાને લઈ આ કામના આરોપીને છોડી મુકવા દલીલમા જણાવેલ છે.

વધુમા તેમણે તેમની દલીલના સમર્થનમા નીચે મુજબના કાનુની ચુકાદા રજુ રાખેલ છે.

૧. ક્રિ.લો.રિ.(ગુજ), પાના નં.૨૭
ચૌધરી માવજીભાઈ મેઘરજભાઈ વિરુઘ્ધ સ્ટેટ ઓફ ગુજરાત

૨. ક્રિ.લો.રિ.(ગુજ), પાના નં.૩૦
વિવેકકુમાર ઉર્ફે અજયકુમાર રાજકિશોર ચૌધરી વિરુઘ્ધ સ્ટેટ ઓફ ગુજરાત

૩. ૨૦૧૧(૨), જી.એલ.એચ. ૨૯૬
ઈશ્વરભાઈ ઉર્ફે લાખીયો ચીમનભાઈ પરમાર વિરુઘ્ધ સ્ટેટ ઓફ ગુજરાત

૪. એ.સી.આર.૨૦૧૧(іі)૧૩૯, ગુજરાત
સ્ટેટ ઓફ ગુજરાત વિરુઘ્ધ નાગભાઈ ખોડાભાઈ

૫. ૨૦૧૪,એસ.એ.આર.(ક્રિમિનલ)૭૭૬
પ્રકાશ વિરુઘ્ધ સ્ટેટ ઓફ કર્ણાટકા

**(૧૧)** આ કામે આરોપી નં.૧ તથા ૩ તરફે તેમની આંક–૭૩ ની લેખીત દલીલમા મુખ્યત્વે જણાવેલ છે કે, ક્રિમિનલ જયુરીસડયુન્સ મુજબ ફરીયાદપક્ષે પોતાનો કેસ શંકાથી પર રહીને સાબિત કરવાનો છે.કોઈપણ સમયે કોઈપણ જગ્યાએ શંકા જણાય ત્યારે તેનો તમામ લાભ માત્ર અને માત્ર આરોપીને જ મળે છે.આ કામે ફરીયાદપક્ષ પોતાનો કેસ સાબિત કરવામા નિષ્ફળ ગયેલ છે.

વધુમા દલીલમા જણાવેલ છે કે જુગારના કયા આરોપીઓને પકડીને લોકઅપમા રાખવામા આવેલ હતા તેનુ નામ ઠામ પણ જણાવવામા આવતુ નથી અને આ કામમા લોકઅપમા રહેલ કોઈ આરોપીને સાહેદ પણ બનાવેલ નથી જે તમામ પુરાવા કેસના સમર્થન સારુ અને સાબિત કરવા સારુ મહત્વના પુરાવા છે.વધુમા દલીલમા જણાવેલ છે કે ફરીયાદમા જણાવ્યા પ્રમાણે પ્રથમ બનાવ રાત્રીના ૮–૩૦ કલાકનો બતાવવામા આવેલ છે જેમા આરોપીઓ બિભત્સ ગાળો બોલતા હતા તેવો ફરીયાદપક્ષનો કેસ છે તે બાબતે પોલીસ સ્ટેશનમા કોઈ નોંધ કરવામા આવેલ નથી કે તે લગત ફરીયાદ પણ નોંધવામા આવેલ નથી.

વધુમા દલીલમા જણાવેલ છે કે ફરીયાદમા જણાવેલ પોલીસ કર્મચારીઓ તેમજ કહેવાતા બનાવ સમયે હાજર હોવા બાબતે ડયુટી લીસ્ટ રજુ કરવામા આવેલ નથી.ફરીયાદની હકીકતોને ધ્યાનમા લેતા કયા આરોપીએ કઈ અને કયા પ્રકારની બિભત્સ ગાળો બોલેલી તેમજ ધમકી આપેલી તે બાબતે કોઈ સ્પષ્ટ વિગતો ફરીયાદમા જણાવવામા આવેલ નથી અને આ હકીકતો મોઘમ રીતે જણાવવામા આવેલ છે.વધુમા દલીલમા જણાવેલ છે કે આંક–૪૯ થી રજુ થયેલ સમન્સ/વોરંટના રજીસ્ટરની નકલના કોલમ નં. ૬ ને ધ્યાનમા લેતા જણાય છે કે તેમા જણાવેલ કોઈ સમન્સ–વોરંટ પંકજભાઈ દુલેરાને બજવણી સારુ સોંપવામા આવેલ હોવા બાબતે કોઈ નોંધ નથી.

વધુમા દલીલમા જણાવેલ છે કે કહેવાતા ફાડીને ફેકી દેવામા આવેલ સમન્સ/વોરંટના ટુકડા પંચનામાના પંચ સાહેદોને બતાવવામા આવેલ નથી.આ ટુકડાઓ કોર્ટ સમક્ષ જુબાની સમયે બતાવીને રજુ કરવામા આવેલા નથી જે પણ મુખ્ય અને મહત્વનો શંકાસ્પદ પુરાવો છે.વધુમા દલીલમા જણાવેલ છે કે તા. ૭/૧૦/૧૬ ના રોજ રાત્રીના ૨૩–૦૦ વાગે બનાવ બનેલ છે અને તેની ફરીયાદ તા. ૮/૧૦/૧૬ ના રોજ ૦૦–૦૫ કલાકે આપવામા આવેલ છે તેમજ કહેવાતા બનાવના લગભગ ૧૨ કલાક બાદ વિલંબથી સારવાર લેવા જવા માટેનુ કોઈ કારણ કે ખુલાસો ઈજા પામનાર કે પ્રોસીકયુશન જણાવતા નથી જે શંકાસ્પદ મુદદો છે.

વધુમા દલીલમા જણાવેલ છે કે આંક–૩૨ થી રજુ થયેલ એમ.એલ.સી. કેસપેપર્સમા એક

પણ આરોપીઓના નામ જણાવવામા આવેલ નથી.વધુમા જણાવેલ છે કે કહેવાતા ત્રણ આરોપીઓ દવારા ફરીયાદીને ઢીકાપાટુનો માર મારવામા આવેલ તેવો ફરીયાદપક્ષનો કેસ છે પરંતુ તે પ્રકારે અને તેટલી ઈજાની સંખ્યાઓ સારવાર દરમ્યાન ફરીયાદીને જોવા મળતી નથી. વધુમા ઈજા પામનાર ફરીયાદીને ત્રીજી પાંસળીમા ફેકચર હોવા બાબતે કોઈ એકસ–રે રિપોર્ટ કે એકસ–રે પ્લેટ રજુ કરવામા આવેલ નથી.માત્ર પોલીસના દબાણના કારણે અને કેસ ગંભીર કરવા સારવાર કરનાર ડોકટર ફેકચરની હકીકતો જણાવતા હોવાનુ જણાય છે.

વધુમા દલીલમા જણાવેલ છે કે આ કામે કોઈ પણ ત્રાહિત કે તટસ્થ વ્યકિતને સાહેદ તરીકે કોર્ટ સમક્ષ રજુ કરવામા આવેલ નથી.વધુમા દલીલમા જણાવેલ છે કે સી.સી.ટી.વી. ફુટેજ કહેવાતા બનાવ સમયના રજુ થઈ શકે તેમ હોવા છતાં રજુ કરવામા આવેલ નથી.

વધુમા દલીલમા જણાવેલ છે કે ફરીયાદપક્ષ પોતાનો કેસ શંકાથી પર સાબિત કરવામા નિષ્ફળ ગયેલ છે અને પોતાના કેસ માટે પુરતા અને સંતોષકારક તેમજ માની શકાય તેવા પુરાવા રજુ કરવામા ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે ત્યારે તે તમામનો લાભ માત્ર આરોપીઓને જ મળે જેથી આરોપીઓને ગુનામાથી નિર્દોષ ઠરાવીને છોડી મુકવાનો હુકમ કરવા દલીલમા જણાવેલ છે.

વધુમા દલીલમા જણાવેલ છે કે કહેવાતા બનાવ સમયે ફરીયાદી કે ફરીયાદમા જણાવેલ પોલીસ કર્મચારી રાજયસેવક તરીકે ફરજ પર હાજર હોવા બાબતે અને તેને વ્યથા કે મહાવ્યથા કરવામા આવેલ હોવા બાબતે ડયુલી લીસ્ટ કે હાજરી પત્રક રજુ કરવામા આવેલ નથી.વધુમા જણાવેલ છે કે ઈજા પામનારે લગભગ ૧૨ કલાક વિલંબથી સારવાર લેવામા આવેલ છે અને તેઅંગે કોઈ કારણ જણાવવામા આવેલ નથી.વધુમા જણાવેલ છે કે આંક–૩૨ ના એમ.એલ.સી.કેસ પેપર્સમા ત્રણ વ્યકિતઓએ મારેલ તેવુ હિસ્ટ્રીમા જણાવેલ છે પરંતુ આ ત્રણ વ્યકિતના નામ હિસ્ટ્રીમા જણાવેલ નથી.

વધુમા જણાવેલ છે કે કલમ ૪૪૭ મા જણાવેલ કોઈ દસ્તાવેજનો નાશ કરવામા આવેલાનો ફરીયાદીનો કેસ નથી કે તે બાબતનો પુરાવો નથી જેથી કલમ ૪૭૭ ચાલવાપાત્ર નથી.વધુમા જણાવેલ છે કે ફાડી નાખવામા આવેલ આ સમન્સ/વોરંટના ટુકડાઓ ટ્રાયલ દરમ્યાન સાહેદોની જુબાની સમયે કોઈપણ સાહેદને બતાવીને રીફર કરવામા આવેલ નથી.વધુમા દલીલમા જણાવેલ છે કે ધમકીની હકીકતો મોઘમ રીતે જણાવવામા આવેલ છે,ધમકી બાબતે તે દિશામા કોઈ કૃત્ય થયેલાનો પુરાવો નથી.વધુમા જણાવેલ છે કે ફરીયાદી પોતે પોલીસ છે અને તપાસવામા આવેલ સાહેદો પોલીસ છે, ફરીયાદીના કેસને ત્રાહિત સાહેદોનુ સમર્થન નથી.આમ ફરીયાદપક્ષ

પોતાનો કેસ શંકાથી પર રહીને સાબિત કરી શકેલા નથી.આ સંજોગોમા આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા દલીલમા જણાવેલ છે.

વધુમા તેમણે તેમની દલીલના સમર્થનમા નીચે મુજબના કાનુની ચુકાદા રજુ કરેલ છે.

૧. ૨૦૧૭(૨),એ.આઈ.આર.બોમ્બે,(આર)(ક્રિમિનલ)૫૦૫,નામ.બોમ્બે હાઈકોર્ટ

**(૧૨)** આ કામે બન્ને પક્ષની રજુઆતો અને પુરાવાઓને ધ્યાનમા લઈ કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

**મુદદા નં. ૧.** શું ફરીયાદપક્ષ નિશઃકપણે પુરવાર કરે છે કે ફરીયાદી ગૌતમભાઈ રતીલાલ ભાવસાર રાજય સેવક તરીકેની હેસિયતથી પોતાની ફરજ બજાવતા હતા ત્યારે આરોપીઓએ એકબીજાની મદદગારીમા ફરીયાદીને રાજયસેવક તરીકેની ફરજ બજાવતા અટકાવવા કે રોકવાના ઈરાદાથી સ્વૈચ્છાપુર્વક વ્યથા કરી ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ની કલમ ૩૩૨ મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

**મુદદા નં.૨.** શું ફરીયાદપક્ષ નિશઃકપણે પુરવાર કરે છે કે, ફરીયાદી રાજયસેવક તરીકે ફરજ બજાવતા હતા ત્યારે આરોપીઓએ એકબીજાની મદદગારીમા ફરીયાદીને રાજયસેવક તરીકેની પોતાની ફરજ બજાવતા અટકાવવા કે રોકવાના ઈરાદાથી સ્વૈચ્છાપુર્વક મહાવ્યથા કરી ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ની કલમ ૩૩૨ મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

**મુદદા નં.૩.** શું ફરીયાદપક્ષ નિશઃકપણે પુરવાર કરે છે કે આરોપીઓએ ફરીયાદીને તેની રાજય સેવક તરીકેની ફરજ બજાવતા અટકાવવા કે રોકાવાના ઈરાદાથી ફરીયાદી પર હુમલો કરી અથવા બળ વાપરી ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ની કલમ ૩૫૩ મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

**મુદદા નં.૪.** શું ફરીયાદપક્ષ નિશઃકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ ફરીયાદી રાજયસેવક તરીકે જાહેરકાર્યો બજાવતા હતા ત્યારે સ્વૈચ્છાપુર્વક અડચણ કરી ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ની કલમ ૧૮૬ મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

**મુદદા નં.૫.** શું ફરીયાદપક્ષ નિશઃકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ની કલમ ૩૩૨,૩૩૩,૩૫૩,૧૮૬ મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓ એકબીજાની મદદગારીમા કરેલ છે ?

**મુદદા નં.૬.** શું ફરીયાદપક્ષ નિશઃકપણે પુરવાર કરે છે કે, આરોપી નં.૧ રજનીકાંત ઉર્ફે ટીનો કેશવલાલ વાણીયાનાઓએ સમન્સ અને વોરંટો ફાડી નાખી, કપટપુર્વક નાશ કરી ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ની કલમ ૪૭૭ મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

**મુદદા નં.૭.** શું ફરીયાદપક્ષ નિશઃકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ ફરીયાદીનો પહેરેલ બુશર્ટ ફાડી નાખી, કોર્ટના સમન્સ ,વોરંટો ફાડી નાખી બગાડ કરી ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ની કલમ ૪૨૭ મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

**મુદદા નં.૮.** શું ફરીયાદપક્ષ નિશઃકપણે પુરવાર કરે છે કે,આરોપીઓએ ફરીયાદી અને સાહેદોને જાહેરમા બિભત્સ ગાળો બોલી અપમાનીત કરેલ અને તેમ કરવામા તેઓનો ઈરાદો ફરીયાદી અને સાહેદોને ગુનાહિત કૃત્ય કરવા પ્રેરવાનો હતો અથવા સુલેહ શાંતીનો ભંગ કરવાનો હતો અને તે રીતે આરોપીઓએ ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ની કલમ ૨૯૪(ખ),૫૦૪ મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

**મુદદા નં.૯.** શું ફરીયાદપક્ષ નિશઃકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ ફરીયાદીને ખૂન કરી મારી નાખવાની ગુનાહિત ધમકી આપી ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ની કલમ ૫૦૬(૨) મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

**મુદદા નં.૧૦.** શું હુકમ ?

**(૧૩)** ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**મુદદા નં.૧.** આરોપીઓ વિરુધ્ધ ભારતીય દંડસંહિતા ૧૮૬૦ ની કલમ ૩૩૨ મુજબ શિક્ષાપાત્ર ગુનો પુરવાર થતો નથી પરંતુ ભારતીય દંડસંહિતા ૧૮૬૦ ની કલમ ૩૨૩ મુજબ શિક્ષાને પાત્ર ગુનો પુરવાર થાય છે.

**મુદદા નં.૨.** આરોપીઓ વિરુધ્ધ ભારતીય દંડસંહિતા ૧૮૬૦ ની કલમ ૩૩૩ મુજબ શિક્ષાપાત્ર ગુનો પુરવાર થતો નથી પરંતુ ભારતીય દંડસંહિતા ૧૮૬૦ ની કલમ ૩૨૫ મુજબ શિક્ષાને પાત્ર ગુનો પુરવાર થાય છે.

**મુદદા નં.૩.** આરોપીઓ વિરુધ્ધ ભારતીય દંડસંહિતા ૧૮૬૦ ની કલમ ૩૫૩ મુજબ શિક્ષાપાત્ર ગુનો પુરવાર થતો નથી પરંતુ ભારતીય દંડસંહિતા ૧૮૬૦ ની કલમ ૩૫૨ મુજબ શિક્ષાને પાત્ર ગુનો પુરવાર થાય છે.

**મુદદા નં.૪.** નકારમાં.

**મુદદા નં.૫.** અશંતઃ હકારમાં.આરોપીઓએ એકબીજાની મદદગારીમા ભારતીય દંડસંહિતા ૧૮૬૦ ની કલમ ૩૨૩,૩૨૫ અને ૩૫૨ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરી કરાવેલ છે.

**મુદદા નં.૬.** નકારમાં.

**મુદદા નં.૭.** નકારમાં.

**મુદદા નં.૮.** નકારમાં.

**મુદદા નં.૯.** નકારમાં.

**મુદદા નં.૧૦.** આખરી હુકમ મુજબ

## કા ર ણો

**મુદદા નં. ૧ થી ૪**

ઉપરોકત તમામ મુદદાઓ એકબીજાથી ગાઢ રીતે સંકળાયેલા હોય પુનરાવર્તન ટાળવા તથા સરળતા ખાતર તમામ મુદદાઓની ચર્ચા એકસાથે કરવામા આવે છે.

**(૧૪)** આ કામે ફરીયાદપક્ષના પુરાવાની ચર્ચા કરતા પહેલા કેટલીક મહત્વની સ્વીકાર્ય હકીકતોનુ નિરૂપણ કરવુ જરુરી છે.

(એ) આ કામમા તા. ૭/૧૦/૧૬ ના રોજ મોચીવાડ પાસે આવેલ જેલની બાજુમા અમુક ઈસમો જુગાર રમતા હતા જે જગ્યાએ પોલીસે રેડ પાડી ચાર ઈસમોને પકડેલા અને તે અંગે ધ્રાંગધ્રા સીટી પોલીસ સ્ટેશનમા ગુ.ર.નં. ૩૦૮૬/૧૬ થી જુગારધારા કલમ ૧૨ મુજબનો ગુનો દાખલ થયેલો તે નિર્વિવાદ હકીકત છે અને આ હકીકતને ઉલટતપાસમા એટલે કે કોઈપણ સાક્ષીની ઉલટતપાસમા આરોપીઓ તરફે પડકારવામા આવેલ નથી.

(બી) તદઉપરાંત તા. ૭/૧૦/૧૬ ના રોજ હાલના આરોપીઓ રાત્રીના ૧૧–૩૦ વાગ્યાના સુમારે પોલીસ સ્ટેશનમા આવેલ ત્યારે પી.એસ.આઈ. ડી.બી.વળવી તથા હે.કોન્સ. ભુપતભાઈ તથા ફરીયાદી ગૌતમ ભાવસાર તથા પી.એસ.ઓ. લકુમ તથા પો.કો. નિકુલસિંહ વિગેરે હાજર હતા તે હકીકત આરોપીપક્ષે ઉલટતપાસમા પડકારેલ નથી.કહેવાનો અર્થ એ છે કે ઉપરોકત હકીકત પણ નિર્વિવાદ છે.

(સી) તદઉપરાંત ફરીયાદીની ઉલટતપાસમા આરોપીપપક્ષે કબુલ કરેલ છે કે બનવના દિવસે આરોપીઓ ૧૧ વાગે પોલીસ સ્ટેશને આવેલા.આ હકીકત પણ નિર્વિવાદ છે.તદઉપરાંત હાલના આરોપીઓ પોલીસ સ્ટેશને આવેલા ત્યારે લોકઅપમા જુગારધારાના ચાર આરોપીઓ હતા આ હકીકત પણ સાહેદ પંકજભાઈ ડાયાભાઈ દુલેરાની આંક–૩૪ ની ઉલટતપાસ આરોપીપક્ષે કબુલ કરેલ છે એટલે કે આ હકીકત પણ નિર્વિવાદ છે.

(ડી) તદઉપરાંત આ કામમા ડો.સંગીતાપ્રસાદ શર્માની ઉલટતપાસમા આરોપીપક્ષનો કેસ એવો છે કે કેસની હિસ્ટ્રી પોલીસવાળાએ આપેલી.એટલે કે ડોકટરને હાલના આરોપીઓ ફરીયાદીને માર મારેલ છે તેવી ડોકટરને હિસ્ટ્રી ફરીયાદીએ આપેલ છે તે પડકારવામા આવેલ નથી. જો કે ડો.સંગીતાપ્રસાદ સ્પષ્ટપણે સોગંદ પર જણાવેલ છે કે હાલના ત્રણેય આરોપીઓએ ઈજા પામનાર એટલેફરીયાદીને ઢીકાપાટુનો માર મારેલો તેની હિસ્ટ્રી ફરીયાદીએ ડોકટરને જાતે લખાવેલી.

(ઈ) તદઉપરાંત ડો.સંગીતાપ્રસાદ સોગંદ ઉપર જણાવેલ છે કે ફરીયાદીને જમણા હાથે કોણી અને કાંડા વચ્ચેના ભાગે સોજો જોવા મળેલ.આ હકીકતને પણ આરોપીપક્ષે ડોકટરની ઉલટતપાસમા પડકારેલ નથી.

(એફ) તદઉપરાંત ડો.સંગીતાપ્રસાદ દર્દીને થયેલ ઈજા અંગે એકસ–રે લેવામા આવેલ અને એકસ–રે જોતા ફરીયાદીની ડાબી બાજુ ત્રીજી પાંસળીમા ફ્રેકચર થયેલાનુ તથા ફરીયાદીને થયેલ ઈજા તાજી અને ગંભીર પ્રકારની હતી તે હકીકતને પણ આરોપીપક્ષે ઉલટતપાસમા પડકારેલ નથી એટલે કે ઉપરોકત તમામ હકીકતો નિર્વિવાદ હકીકત છે.

**(૧૫)** આ કામે ફરીયાદપક્ષ આંક–૪૧ થી એફ.આઈ.આર. રજુ થયેલ છે તે જોતા આ કામના બનાવ તા. ૭/૧૦/૧૬ ના રોજ રાત્રીના કલાક ૧૧ વાગે બનેલ છે અને ફરીયાદીએ એટલે કે આ કામનો ગુનો તા. ૮/૧૦/૧૬ ના રોજ કલાક ૦૦–૦૫ કલાકે એટલે કે બનાવ પછી તુરત જ ૧ કલાક અને પાંચ મીનીટ બાદ આ ગુનો જાહેર થયેલ છે.

**(૧૬)** આ કામમા પુરાવાની ચર્ચા કરતા પહેલા એક સ્પષ્ટતા પણ કરવી જરુરી જણાય છે કે ડો.સંગીતાબેનની જુબાની પ્રમાણે તેને ફરીયાદીને તા. ૮/૧૦/૧૬ ના રોજ તપાસેલ.કેટલા વાગે તપાસેલ તે ડોકટર સોગંદ પરના પુરાવામા જણાવતા નથી.પરંતુ આ કામે આંક–૩૨ થી કેસ પેપર્સ, આંક–૩૩ થી મેડી.સર્ટિફીકેટ રજુ થયેલ છે જેમા ડોકટરશ્રીએ સૌપ્રથમ તા. ૮/૧૦/૧૬ ના ૧૨–૪૫ એ.એમ. લખેલ છે.ત્યારબાદ ચેકીને ૧૨–૪૫ પી.એમ.કરવામા આવેલ છે.અહી ડોકટરને લખવામા ભુલ થયેલ છે.૦૦–૪૫ લખવાના બદલે ડોકટરશ્રીએ ૧૨–૪૫ લખેલ છે.આ ભુલ છે તે માનવા માટેનુ કારણ એ છે કે ડોકટરશ્રી સોગંદ પરના પુરાવામા સ્પષ્ટપણે જણાવે છે કે ફરીયાદીને તેણીએ તપાસેલ ત્યારે ફરીયાદીને થયેલ ઈજા તાજી હતી

અને ગંભીર પ્રકારની હતી.સ્વાાવિક રીતે જ ફરીયાદીને ગંભીર ઈજા એટલે અસ્થિભંગ થયેલ હોય તે તુરત જ સારવાર માટે જાય. તુરત સારવાર માટે જાય તો જ ઈજા તાજી હોય. જો તા. ૮/૧૦/૧૬ ના રોજ ૧૨–૪૫ પી.એમ.ડોકટરે ફરીયાદીને તપાસેલ હોય તો ડોકટર ઈજા તાજી હતી તેમ ન જણાવે.તદઉપરાંત ડોકટરની ભુલ છે તેમ માનવા માટે બીજુ પણ એક કારણ એ છે કે આ કામે ત.ક.અધિકારીશ્રી વળવી સોગંદ પરની જુબાનીમા જણાવે છે કે તા. ૮/૧૦/૧૬ ના રોજ ફરીયાદી હોસ્પિટલમા હોય તેની શરીરસ્થિતીનુ પંચનામુ તથા બુશર્ટ કલાક ૧૦–૦૦ થી ૧૦–૩૦ સુધીનુ પંચનામુ કરી કબજે કરેલ.આ હકીકત પણ બતાવે છે કે સવારના ૧૦ વાગે તા. ૮/૧૦/૧૬ ના રોજ ફરીયાદી હોસ્પિટલમા સારવાર હેઠળ હતા.આ હકીકત પણ બતાવે છે કે ફરીયાદીએ તા. ૮/૧૦/૧૬ ના રોજ સવારના કલાક ૦૦–૪૫ વાગે સારવાર લીધેલ છે તે હકીકત સાચી લાગે છે.એટલે કે ફરીયાદીએ બનાવ બાદ તુરત જ ફરીયાદ આપેલી છે અને તુરત જ સારવાર લીધેલ છે અને ડોકટરશ્રીએ હિસ્ટ્રીમા આરોપીઓએ જ માર માર્યાની હકીકત જણાવેલ છે.એટલે કે ફરીયાદીએ ફરીયાદ આપવામા કે સારવાર લેવામા કોઈ ઢીલ દાખવેલ નથી.એટલે ફરીયાદીએ ફરીયાદમા તથા ડોકટર સમક્ષની હિસ્ટ્રીમા ત્રણેય આરોપીઓએ તેઓને માર મારેલ છે તે હકીકત જણાવેલ છે.

**(૧૭)** આ કામમા બનાવ વખતે ફરીયાદી ઉંમર ૫૬ વર્ષની હતી.આ કામનો બનાવ સુ.નગર જિલ્લામા ધ્રાંગધ્રા તાલુકાના ધ્રાંગધ્રા ગામે બનેલ છે. કહેવાનો અર્થ એ છે કે, આ બનાવ તાલુકામા બનેલ છે.આ કામે પડેલ પુરાવાની બારીકાઈથી તપાસણી કરવી જરુરી છે.કહેવાનો અર્થ એ છે કે કોર્ટે પુરાવાની બારીકાઈથી ચકાસણી કરી સત્ય શોધી કાઢવુ જોઈએ અને ન્યાયિક નિર્ણય કરવો જોઈએ.જેથી સમાજમા લોકોનો કોર્ટ ઉપર વિશ્વાસ ટકી રહે.

**(૧૮)** આ કામે ફરીયાદપક્ષે આંક–૫૬ થી ફરીયાદી ગૌતમભાઈ ભાવસારને તપાસેલ છે.ગૌતમભાઈ તેમના સોગંદ પરના પુરાવામા જણાવે છે કે તા. ૭/૧૦/૧૬ ના રોજ તેઓ ધ્રાંગધ્રા શહેર પોલીસ સ્ટેશનમા ફરજ પર હાજર હતા તે વખતે પોલીસ સ્ટેશનમા ભુપતભાઈ તથા પંકજભાઈ તથા પી.આઈ. વળવી હાજર હતા.તે વખતે મોચીવાડ પાસે આવેલ જેલની બાજુમા અમુક ઈસમો જુગાર રમતા હતા.તે જગ્યાએ પોલીસે રેડ પાડી ચાર ઈસમોને પકડેલ હતા જે અંગે ધ્રાંગધા સીટી પોલીસ સ્ટેશનમા ગુ.ર.નં. ૩૦૮૬/૧૬ થી જુગારધારા કલમ ૧૨ મુજબ ગુનો દાખલ થયેલો જેની તપાસ પી.એસ.ઓ. લકુમ ફરીયાદીને સોંપેલી.તેથી ફરીયાદીએ પોલીસ

કાર્યવાહી કરવા માટે આરોપીઓને લોકઅપમા રાખેલા.ઉપર કહયુ તેમ આ હકીકત ફરીયાદીની ઉલટતપાસમા આરોપીપક્ષે પડકારેલ નથી.

**(૧૯)** ફરીયાદી ગૌતમભાઈ વધુમા તેમના પુરાવામા જણાવે છે કે તે જ દિવસે રાત્રીના ૮–૩૦ વાગે પોલીસ સ્ટેશનની બાજુમા આવેલ આંબેડકરનગરમા રહેતા ત્રણ ઈસમો એટલે કે હાલના આરોપીઓ પોલીસ સ્ટેશનમા આવેલા અને સીધા લોક અપ પાસે ગયેલ અને આરોપીઓની પાસે ઉભા રહી બોલેલ કે ખોટો કેસ કરેલ છે તમને કેમ અંદર પુરી દીધેલ છે.જેથી પી.એસ.ઓ.એ જણાવેલ કે પોલીસ કાર્યવાહી ચાલુ છે પુરી થયેથી આગળની કાર્યવાહી કરવામા આવશે.ત્યારબાદ હાલના ત્રણેય આરોપીઓ ઉશ્કેરાઈ ગયેલા અને બિભત્સ ગાળો બોલવા લાગેલા અને પોલીસ સ્ટેશન બહાર જતા રહેલા.આ હકીકતને બારીકાઈથી તપાસવી જરુરી છે.તે વખતે હાલના આરોપીઓ પોલીસ સ્ટેશનથી કેમ જતા રહેલા તેનો ખુલાસો ફરીયાદીની જુબાનીમા જ થાય છે.ગૌતમભાઈ સ્પષ્ટપણે જણાવે છે કે તે દિવસે પી.એસ.આઈ. વળવી તથા ભુપતભાઈ તથા પંકજભાઈ વિગેરે પોલીસ સ્ટેશનમા હાજર હતા.આ હકીકતને સાહેદ પંકજભાઈ દુલેરા આંક–૩૪,તથા ભુપતભાઈ દેથરીયા આંક–૩૯ તથા દલસુખભાઈ લકુમ આંક–૪૦ તથા નિકુલસિંહ પરમારની આંક–૪૩ ની જુબાનીથી સમર્થન મળે છે.સ્વાભાવિક રીતે પોલીસ સ્ટેશનમા અધિકારી પી.એસ.આઈ. વળવી વિગેરે હાજર હોય.હાલના આરોપીઓ સમજે કે અત્યારે તે કોઈ ગુનાહિત કૃત્ય કરશે તો પી.એસ.આઈ. વળવી તેઓને પકડીને અટક કરશે તેથી તેઓ પોલીસ સ્ટેશનથી જતા રહે તે સ્વભાવિક છે.તદઉપરાંત રાત્રીના ૮–૩૦ વાગે પોલીસ સ્ટેશનમા પોલીસની હાજરી લેવામા આવતી હોય તેથી પણ પોલીસનો તમામ સ્ટાફના માણસો હાજર હોય તે સ્વભાવિક છે.જેથી આરોપીઓ કોઈ ગુનો કર્યા વગર પોલીસ સ્ટેશનથી બહાર જતા રહે તે સ્વભાવિક છે.આ હકીકતને ફરીયાદ આંક–પર થી સમર્થન મળે છે.આમ ફરીયાદી ગૌતમભાઈની જુબાની એકદમ સાચી અને સ્વભાવિક લાગે છે.તેથી સ્વીકારવામા આવે છે.

**(ર૦)** તદઉપરાંત ગૌતમભાઈની ઉલટતપાસમા પુછવામા આવેલ છે કે પ્રથમ બનાવની કોઈ નોંધ કરેલ નથી.આ પ્રશ્નના જવાબમા ફરીયાદી એ વાત ખરી છે તેમ જણાવેલ છે.સ્વભાવિક રીતે જ હાલના આરોપીઓ પોલીસ સ્ટેશનથી જતા રહેલા હોવાથી પોલીસે કોઈ નોંધ કરેલ ન હતી.આ હકીકત ફરીયાદી કબુલ કરે છે તે હકીકત જ બતાવે છે કે ફરીયાદી સાચા બોલા વ્યકિત

છે.

**(૨૧)** ગૌતમભાઈ સોગંદ પરના પુરાવામા જણાવે છે કે, રાત્રીના ૧૧ વાગે હાલના ત્રણેય આરોપીઓ ફરીથી પોલીસ સ્ટેશને આવેલા અને પી.એસ.ઓ.ને કહેવા લાગેલ કે આ લોકોને બહાર કાઢો.તેથી પી.એસ.ઓ.એ જણાવેલ કે હાલમા કાર્યવાહી ચાલુ છે.જેથી ત્રણેય આરોપીઓ ઉશ્કેરાઈ જઈ ગાળો બોલવા લાગેલા અને પોલીસ સ્ટેશન સળગાવી દેવાનુ બોલેલ જેથી પી.એસ.ઓ. અને વાયરલેસમા ફરજ બજાવતા નિકુલસિંહે તથા ફરીયાદીએ આરોપીઓને સમજાવેલા પરંતુ આરોપીઓ સમજેલા નહી.સ્વાભાવિક રીતે રાત્રીના ૧૧ વાગે પી.એસ.આઈ. તથા વધુ પોલીસના માણસો પોલીસ સ્ટેશનમા હાજર નહી હોય.તેથી આરોપીઓને ગુનો કરવાની હિમ્મત આવે તે સ્વાભાવિક છે.સવાલ એ છે કે હાલના આરોપીઓ ફરીયાદીને જ કેમ માર મારેલ.આ અંગેનો ખુલાસો ફરીયાદી તેની જુબાનીમા જણાવે છે કે તેણે પણ આરોપીઓ ગાળો બોલતા હોય તેમને સમજાવેલા.આ અંગે વધુ સ્પષ્ટતા સાહેદ પંકજભાઈ તથા સાહેદ ભુપતભાઈ તથા પી.એસ.ઓ. લકુમની જુબાનીમા ખુલે છે.ઉપરોકત તમામ સાહેદો સોગંદ પરના પુરાવામા જણાવે છે કે આરોપીઓ બેફામ ગાળો બોલવા લાગેલા જેથી ફરીયાદીએ ગાળો બોલવાની ના પાડતા એકદમ ઉશ્કેરાઈ ગયેલા.સ્વાભાવિક રીતે ફરીયાદીએ આરોપીઓનો વિરોધ કરેલ હોવાથી એટલે કે ગાળો બોલવાની ના પાડેલ હોવાથી આરોપીઓ ફરીયાદી પર ઉશ્કેરાઈ જાય તે સ્વભાવિક છે.તદઉપરાંત ફરીયાદી ૫૪ વર્ષની ઉંમરના હોવાથી તે સમજુ હોય તેથી ગાળો બોલવાની ના પાડે અને તેથી ત્રણેય આરોપીઓ ફરીયાદીને માર મારે તે પણ સ્વભાવિક છે.આમ ફરીયાદીનો કેસ એકદમ સાચો અને સ્વાભાવિક લાગે છે તેથી તે સ્વીકારવામા આવે છે.

**(૨૨)** ગૌતમભાઈ સોગંદ પરની જુબાનીમા વધુમા જણાવે છે કે આરોપી ટીનાભાઈએ ફરીયાદીના શર્ટનો કાંઠલો પકડી ફરીયાદીના શર્ટનુ બટન તથા ડાબી બાજુના શર્ટનુ ખિસ્સુ ફાડી નાખેલ.ગૌતમભાઈ સોગંદ પરની જુબાનીમા આગળ જતા જણાવે છે કે ત્રણેય ઈસમોએ તેને માર ઢીકા છાતીના ભાગે ડાબી બાજુએ મારેલા.આ હકીકતને નજરે જોનાર સાહેદ પંકજભાઈ તથા ભુપતભાઈ તથા દલસુખભાઈ તથા નિકુલસિંહની જુબાનીથી પણ સમર્થન મળે છે.ઉપર કહયુ તેમ આરોપીઓ ગાળો બોલતા હોવાથી તથા જુગારના આરોપીઓને બહાર કાઢો તેમ બોલતા હોવાથી ફરીયાદીએ તેનો વિરોધ કરેલ હોવાથી તદઉપરાંત

ફરીયાદીને આરોપીઓ સાથે કોઈ દુશ્મનાવટ કે વૈમનસ્ય નથી.જો આરોપીઓએ ફરીયાદીને માર મારેલ ન હોય ફરીયાદી આરોપીઓના નામ ફરીયાદમા તથા ડોકટરશ્રીની કેસ હિસ્ટ્રીમા આપે નહી.તદઉપરાંત આરોપીઓનો બચાવ પણ એવો નથી કે તેઓને ફરીયાદી સાથે કોઈ વૈમનસ્ય કે દુશ્મનાવટ છે.આ સંજોગોમા ફરીયાદીની સોગંદ ઉપરની જુબાની નહી માનવા માટે કોઈ કારણ નથી.જેથી ફરીયાદીની જુબાની સ્વીકારવામા આવે છે.

**(૨૩)** ગૌતમભાઈ સોગંદ પરની જુબાનીમા વધુમા જણાવે છે કે પી.એસ.આઈ.શ્રી ગોહીલને તેઓએ વાત કરેલી અને શ્રી ગોહીલ હાજર હોય તેઓ ત્રણેય આરોપીઓને ગાળો બોલતા હોવાથી પી.એસ.ઓ. પાસે બેસાડી દીધેલા અને ફરીયાદીએ શ્રી ગોહીલ પાસે ફરીયાદ લખાવેલી.અહી ફરીયાદી શ્રી ગોહીલની હાજરી બાબતે સ્પષ્ટતા કરતા નથી.સ્વભાવિક રીતે જ રાત્રીના ૧૧ વાગે શ્રી ગોહીલ પોલીસ સ્ટેશનમા હાજર ન હોય.આ અંગે પી.એસ.આઈ.શ્રી ગોહીલની ઉલટતપાસમા આરોપીપક્ષે કબુલ કરેલ છે કે ફરીયાદીએ શ્રી ગોહીલને ફોન કરતા તે પોલીસ સ્ટેશને આવેલ.સ્વભાવિક રીતે જ આ કામનો બનાવ બનેલ હોવાથી પી.એસ.અઈ.શ્રી ગોહીલ પોલીસ સ્ટેશન આવે અને આરોપીઓ બિભત્સ ગાળો બોલતા હોય તેમને બેસાડી દે તે સ્વાભાવિક છે.આમ ફરીયાદીને પી.એસ.આઈ. ગોહીલની જુબાનીથી ટેકો મળે છે.તદઉપરાંત ફરીયાદીની જુબાની એકદમ સાચી લાગતી હોવાથી તે સ્વીકારવામા આવે છે.

**(૨૪)** ગૌતમભાઈ સોગંદ પરની જુબાનીમા વધુમા જણાવે છે કે પી.એસ.ઓ. લકુમના ટેબલ પાસે પો.કો. પંકજભાઈ હાજર હતા તેની પાસે આરોપી રજનીકાંતનુ કોર્ટનુ વોરંટ હતુ જે ટીનાભાઈ ફાડી નાખી પી.એસ.ઓ. પાસે ફેંકી દીધેલ.તદઉપરાંત આરોપીઓએ ફરીયાદીને ધમકી આપેલી કે મોચીવાડ આવ તને છરીના ઘોદા મારી મારી નાખવો છે.બનાવ બાબતે ફરીયાદ આપેલી જે આંક–પર થી રજુ કરેલ છે.જેમાની ફરીયાદમાની પોતાની સહી ફરીયાદી ઓળખી બતાવેલ છે.વધુમા ગૌતમભાઈ જુબાનીમા આગળ જણાવે છે કે આરોપીઓને તે ઓળખે છે.આરોપી રજનીકાંત હાજર નથી બાકીના બે આરોપીઓ હાજર છે.

**(૨૫)** ફરીયાદીની ઉલટતપાસમા આરોપીઓનો બચાવ એવો છે કે,

ફરીયાદીએ આરોપીઓને જુગારના કેસમા સંડોવવાની કોશીષ કરેલી અને આરોપીઓએ ના પાડતા ફરીયાદી આરોપીઓને મારવા જતા પડી જવાથી ટેબલ વાગવાથી ફરીયાદીને છાતીના ભાગે ઈજા થયેલી.આ બચાવ બતાવે છે કે બનાવ વખતે આરોપી હાજર હતા તે આરોપીઓએ કબુલ કરેલ છે.જો કે ડોકટર સંગીતાપ્રસાદ કે જેઓ નિષ્ણાત છે તેઓ ઉલટતપાસમા જણાવે છે કે ટેબલનો ખુણો વાગે તો અને કોઈ વ્યકિત ધકકા મુકકીમા પડી જાય તો ફેકચર નહી થાય.તદઉપરાંત મારા મત મુજબ જો ફરીયાદીને ટેબલ વાગે તો બાહય ઈજા પણ છાતીના ભાગે થાય.ફરીયાદીને આવી કોઈ બાહય ઈજા ડોકટરશ્રીની તપાસણીમા માલુમ પડેલ નથી.તદઉપરાંત આરોપીનો બીજો બચાવ એવો છે કે ફરીયાદી બનાવના અરસામા મોટરસાયકલ સ્લીપ થઈ ગયેલ જેથી ઈજા થયેલી.મોટરસાયકલ સ્લીપ થવાથી છાતીમા ફેકચર નહી થાય.તદઉપરાંત જો ફરીયાદીને બનાવ અગાઉ ફેકચર થયેલ તો બનાવના દિવસે પોલીસ સ્ટેશનમા ફરજ પર હાજર નહી હોય.તદઉપરાંત ફરીયાદીને ડોકટરે તપાસેલ ત્યારે ફરીયાદીને થયેલ ઈજાઓ તાજી હતી.આ હકીકત પણ બતાવે છે કે બનાવના દિવસે આરોપીઓએ ફરીયાદીને છાતીમા ઢીકા મારવાથી ફેકચર થયેલ છે.ઉપર કહયુ તેમ ૫૪ વર્ષની ઉંમરની વ્યકિતને જુવાન માણસો છાતીમા ઢીકા મારે તો ફેકચર થાય તે સ્વાભાવિક છે.આ સંજોગોમા આરોપીપક્ષનો બચાવ માનવાલાયક નથી જેથી માનવામા આવતો નથી.

**(૨૬)** આ કામે ફરીયાદપક્ષે આંક–૩૦ થી ડો.સંગીતાપ્રસાદને તપાસેલ છે.જેઓ ધ્રાંગધ્રા ખાતે મેડી.ઓફીસર તરીકે ફરજ બજાવે છે.ડો.સંગીતાપ્રસાદ તેમની સોગંદ પરની જુબાનીમા જણાવે છે કે તેઓ તા. ૮/૧૦/૧૬ ના રોજ સી.એચ.સી.ધ્રાંગધ્રા ખાતે ફરજ પર હાજર હતા ત્યારે ઈજા પામનાર ગૌતમભાઈ રતીલાલ ભાવસારને પોલીસ યાદી સાથે સારવાર માટે લાવેલા જે યાદી આંક–૩૧ થી રજુ થયેલ છે.તેમા પોતાની સહી ઓળખી બતાવે છે.ત્યારબાદ તેણીએ દર્દીનો એમ.એલ.સી.કેસ કાઢેલો જે આંક–૩૨ થી રજુ થયેલ છે.

**(૨૭)** ડો.સંગીતાપ્રસાદ તેમની સોગંદ પરની જુબાનીમા જણાવે છે કે દર્દીને પુછતા તેણે હિસ્ટ્રીમા જણાવેલ કે ત્રણ ઈસમો પોલીસ સ્ટેશનમા આવેલા અને તેમની સાથે ઝઘડો કરેલો.આ ત્રણેય ઈસમોના નામ જણાવેલા જેમા (૧) ભોલો ઉર્ફે રમેશ અમરશી (૨) ટીનો ઉર્ફે રજનીકાંત કેશાભાઈ (૩) મુકેશ ઉર્ફે ઉપેન્દ્ર પરસોતમ પરમાર.આ ત્રણેય જણા આંબેડકરનગરના રહેવાસી હતા.આ હકીકત પણ બતાવે છે કે બનાવ બાદ તુરત જ ફરીયાદીએ આરોપીઓએ માર માર્યાની

હિસ્ટ્રી તથા આરોપીઓના નામ ડોકટરશ્રીને જણાવેલ.જો આરોપીઓએ ફરીયાદીને માર મારેલ ન હોય તો ફરીયાદીને આરોપીઓના નામ બતાવવાનો વિચાર ન આવે.તદઉપરાંત ફરીયાદીને આરોપીઓ સાથે કોઈ દુશ્મ્નાવટ કે વૈમનસ્ય નથી.આ હકીકત પણ બતાવે છે કે આરોપીઓએ ફરીયાદીને માર મારી ગંભીર તથા સાદી ઈજાઓ કરેલ છે.

**(૨૮)** ડો.સંગીતાપ્રસાદ તેમની સોગંદ પરની જુબાનીમા જણાવે છે કે ફરીયાદીએ હિસ્ટ્રીમા જણાવેલ કે ત્રણેય આરોપીઓ તેને ઢીકાપાટુનો માર મારેલ.આ હકીકતને સમર્થન નજરે જોનાર સાહેદ પંકજભાઈ,ભુપતભાઈ તથા દલસુખભાઈ તથા નિકુલસિંહની જુબાનીથી સમર્થન મળે છે.ઉપરોકત સાહેદોને પણ આરોપીઓ સાથે કોઈ દુશ્મનાવટ નથી કે વૈમનસ્ય નથી કે આરોપીઓનો આવો કોઈ બચાવ નથી.આ સંજોગોમા આરોપીઓએ ફરીયાદીને છાતીમા ઢીકાપાટુનો માર મારી ફેકચર કર્યાની હકીકત સાચી લાગે છે.તદઉપરાંત ડો.સંગીતાપ્રસાદ તેમની સોગંદ પરની જુબાનીમા જણાવે છે કે દર્દીનો એકસ–રે લેવામા આવેલ અને એકસ–રે જોતા ફરીયાદીને ડાબી બાજુએ ત્રીજી પાંસળીમા ફેકચર જોવા મળેલ.ઉપર કહયુ તેમ ફરીયાદીનો એકસ–રે ડોકટર દવારા લેવામા આવેલ અને ડોકટરે એકસ–રે જોતા ફરીયાદીને ફેકચર માલુમ પડેલ.આ હકીકત આરોપીપક્ષે ડોકટરશ્રીની ઉલટતપાસમા પડકારેલ નથી.જેથી ફરીયાદીને બનાવમા છાતીમા ઢીકાપાટુ માર મારવાથી ડાબી બાજુ ત્રીજી પાંસળીએ અસ્થિભંગ થયેલાનુ સાચુ લાગે છે.તેથી માનવા અને સ્વીકારવામા આવે છે.ડો.સંગીતાપ્રસાદ તેમની સોગંદ પરની જુબાનીમા જણાવે છે કે દર્દીને તપાસતા તેના શરીર પર નખ માર્યાના નિશાન આખા શરીર પર જોવા મળેલા.તેમજ તેમના જમણા હાથે કોણી અને કાંડા વચ્ચેના ભાગે તથા પીઠના ભાગે ચકામા જોવા મળેલા અને પેટના ભાગે સોજો જોવા મળેલ.તમામ ઈજાઓ તાજી હતી અને ગંભીર પ્રકારની હતી. ડોકટરને ઉલટતપાસમા પુછવામા આવેલ છે કે, નખ માર્યાના નિશાન વ્યકિત જાતે કરી શકે.ડોકટરે આ હકીકતનો ઈન્કાર કરેલ છે.તદઉપરાંત ડોકટરશ્રી ઉલટતપાસમા ફરીયાદીને થયેલ ચકામા તથા સોજો થયેલાની ઈજા પડકારવામા આવેલ નથી.

**(૨૯)** ડો.સંગીતાપ્રસાદની ઉલટતપાસમા પુછવામા આવેલ છે કે ફરીયાદીને નખના નિશાન શરીરના કયા ભાગ ઉપર હતા તથા તેની સંખ્યા દર્શાવેલ નથી.આ પ્રશ્નના જવાબમા ડોકટરશ્રીએ એ વાત ખરી છે તેમ જણાવેલ છે.આ ઉપરોકત ઉલટતપાસ બતાવે છે કે ડોકટર સાચા

બોલા વ્યકિત છે.તદઉપરાંત આ હકીકત માનવાનુ બીજુ કારણ એ છે કે ડોકટરે ફરીયાદીના કેસ પેપર્સ આંક–૩૨ થી તથા મેડી.સર્ટિફીકેટ આંક–૩૩ મા સ્પષ્ટપણે જણાવેલ છે કે ફરીયાદીના શરીર ઉપર નખ માર્યાના નિશાન શરીરના ઘણા ભાગે હતા.આ હકીકત પણ બતાવે છે કે બનાવ વખતે આરોપીઓએ ફરીયાદીને નખ મારવાથી સ્વૈચ્છાએ સાદી વ્યથા કરેલ છે તથા પેટના ભાગે સોજો કરેલ છે.આમ ડોકટરશ્રીની સમગ્ર જુબાની ઉપરથી આરોપીઓએ ફરીયાદીને સ્વૈચ્છાપુર્વક સાદી અને ગંભીર વ્યથા કર્યાનુ પુરવાર થાય છે.

**(૩૦)** આ કામે ફરીયાદપક્ષે આંક–૩૪ થી પંકજભાઈ દુલેરા તથા આંક–૩૯ થી ભુપતભાઈ કરમશીભાઈ દેથળીયા તથા આંક–૪૦ થી દલસુખભાઈ ડાયાભાઈ લકુમને તથા આંક–૪૩ થી નિકુલસિંહ રઘુસિંહ પરમારને તપાસેલ છે.તેઓ તમામ સાહેદો સોગંદ પરની જુબાનીમા જણાવે છે કે,તા.૭/૧૦/૧૬ ના રોજ સબજેલ ધ્રાંગધ્રા પાસે જુગાર અંગે રેડ કરેલ જેમા ચાર આરોપીને પકડેલા અને જુગારધારા કલમ ૧૨ મુજબ ગુનો નોંધેલ અને તેની તપાસ હેડ કોન્સ. ગૌતમભાઈ રતીલાલ ભાવસાર કરતા હતા, દરમ્યાન આરોપીઓને લોકઅપમા રાખેલા હતા ત્યારબાદ આઠેક વાગ્યાના અરસામા ધ્રાંગધ્રા આંબેડકરનગર ખાતે રહેતા રજનીકાંત ઉર્ફે ટીનો તથા મુકેશ પરસોતમ તથા ભોલો ઉર્ફે રમેશ ત્રણ જણા પો.સ્ટે.આવેલા અને લોકઅપમા પુરેલ આરોપીઓને બહાર કાઢો એમ કહી બિભત્સ ગાળો બોલવા લાગેલા ત્યારે પો.સ્ટે.ખાતે ભુપતભાઈ તથા પંકજભાઈ તથા પો.સ.ઈ. વળવી તથા હેડ કોન્સ.ભાવસારભાઈ તથા પી.એસ.ઓ. ડી.ડી.લકુમ હાજર હતા. દરમ્યાન ગાળો બોલી જતા રહેલા.વધુમા આ સાહેદ તેમના પુરાવામા જણાવેલ છે કે, બાર ફરીવાર અગીયાર વાગ્યાના સુમારે આ ત્રણેય ઈસમો ફરીવાર પો.સ્ટે. ખાતે આવેલા અને બેફામ ગાળો બોલવા લાગેલા અને આરોપીઓને બહાર કાઢો તેમ પી.એસ.ઓ.ને જણાવેલ જેથી પી.એસ.ઓ.એ ના પાડતા વધુ ગાળો બોલવા લાગેલા અને હેડ કોન્સ.જી.આર.ભાવસારે ગાળો બોલવાની ના પાડતા એકદમ ઉશ્કેરાઈ જઈ જી.આર.ભાવસારને આ ત્રણેય ઈસમોએ કાંઠલો પકડી છાતીના ભાગે ઢીકાનો માર મારેલ.વધુમા આ સાહેદ તેમના પુરાવામા જણાવેલ છે કે સદરહુ બનાવ દરમ્યાન અમો પી.એસ.ઓ.ટેબલ પાસે ઉભેલ હતા અને પંકજભાઈના હાથમા કોર્ટના સમન્સ વોરંટ હતા જે રજનીકાંત ઉર્ફે ટીનાએ હાથમાથી ઝુંટવી લઈ ફાડીને પી.એસ.ઓ.ના ટેબલ પાસે નાખી દીધેલા અને સાથીના આરોપીઓએ જી.આર.ભાવસારને જાનથી મારી નાખવાની ધમકી આપેલી.ત્યારબાદ પી.એસ.આઈ. ગોહીલ આવી જતા આ ત્રણેય આરોપીઓને પકડી

પી.એસ.ઓ.ના ટેબલ પાસે બેસાડી દીધેલા. આમ ઉપરોકત સાહેદો નજરે જોનાર સાહેદો છે.ઉપરોકત તમામ સાહેદો ફરીયાદીએ બનાવ અંગેની જે હકીકતો જણાવેલ છે તે હકીકત જુબાનીમા જણાવે છે તેથી તે હકીકતોનુ પુનરાવર્તન કરવું જરુરી જણાતુ નથી.આ સંજોગોમા ઉપરોકત સાહેદોની જુબાની નહી માનવા માટે મારી પાસે કોઈ કારણ નથી.તદઉપરાંત તમામ સાહેદોની ઉલટતપાસમા પણ આરોપીઓએ ગુનો કરેલ નથી તેવુ પુરવાર થતુ નથી.આ સંજોગોમા ઉપરોકત સાહેદોની સોગંદ પરની જુબાની સાચી લાગતી હોવાથી સ્વીકારવામા આવે છે.

**(૩૧)** આ કામે ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચસાહેદ મેહુલભાઈ વિષ્ણુપ્રસાદ વ્યાસને ફરીયાદપક્ષે આંક–૩૫ થી તપાસેલ છે.પંચસાહેદ મેહુલભાઈ વિષ્ણુપ્રસાદ વ્યાસ સોગંદ પરની જુબાનીમા જણાવે છે કે તા. ૮/૧૦/૧૬ ના રોજ તે અને લઘધીરભાઈ મોટરસાયકલ પર જતા હતા ત્યારે પોલીસે પોલીસ સ્ટેશનની સામે અમને ઉભા રાખેલા.સહી કરવાનુ કહેતા પંચનામામા સહી કરેલી.પંચનામુ શેનુ હતુ તેની ખબર નથી.બનાવવાળી જગ્યાના પંચનામામા પંચ નં.૨ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે.આજ રીતે ગુનાવાળી જગ્યાના પંચસાહેદ લઘધીરભાઈ રૂપાભાઈ દેત્રોજાએ આંક–૩૬ ના પંચનામામા પર સહી ઓળખી બતાવેલ છે.લગધીરભાઈ તેમની સોગંદ પરની જુબાનીમા જણાવે છે કે તા. ૮/૧૦/૧૬ ના રોજ પોલીસે તેઓને પોલીસ સ્ટેશન પાસે પંચમા બોલાવેલ અને પંચનામામા સહી કરવાનુ કહેતા સહી કરેલી.પંચનામુ શેનુ હતુ તેની ખબર નથી.આમ બન્ને પંચસાહેદો ગુનાવાળી જગ્યાના પંચનામાને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

**(૩૨)** આ કામે ફરીયાદપક્ષે આરોપીઓ સામેનો ગુનો પુરવાર કરવા માટે ફરીયાદીએ બનાવ વખતે પહેરેલ શર્ટ કબજે કર્યાના પંચનામાના પંચ ગાંડાભાઈ કરશનભાઈ રાઠોડને આંક–૨૪ થી તપાસેલ છે.પંચસાહેદ ગાંડાભાઈ કરશનભાઈ તેમની સોગંદ પરની જુબાનીમા જણાવે છે કે તા. ૮/૧૦/૧૬ ના રોજ તેઓ હોટલે બેઠા હતા ત્યારે પોલીસે આવી તેને પંચનામા પર સહી કરવાનુ કહેતા સહી કરેલી.તેણે સહી કરેલી ત્યારે બીજા પંચ ત્યાં હાજર હતા નહી. ગાંડાભાઈએ શર્ટ કબજે કર્યાના પંચનામામા પંચ નં.૧ તરીકે પોતાની સહી ઓળખી બતાવેલ છે.આ જ હકીકત શર્ટ કબજે કર્યાના બીજા પંચસાહેદ સીકંદરભાઈ ઈસાભાઈ માણેક પોતાની આંક–૨૬ ની જુબાનીમા જણાવે છે અને પંચનામામા પોતાની સહી ઓળખી બતાવે છે.આમ શર્ટ કબજે કર્યાના બન્ને પંચો તેમની રુબરુમા પોલીસે ફરીયાદી ગૌતમભાઈ ભાવસારે બનાવ વખતે પહેરેલ બુશર્ટ રજુ કરેલ હોય

તે હકીકતને સમર્થન આપેલ નથી.

**(૩૩)** આ કામે આંક–૫૧ થી સાહેદ અનિરુઘ્ધસિંહ ગોહીલને તપાસેલ છે.જેઓ પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપે છે.શ્રી ગોહીલ જણાવે છે કે ફરીયાદીએ તેને ફોન કરતા તે તુરત જ પોલીસ સ્ટેશને આવી ગયેલ અને ત્રણેય આરોપીઓ ફરીયાદીને ગાળો બોલતા અને ફરીયાદીએ તેને જણાવેલ કે ત્રણેય આરોપીઓએ તેને માર મારેલ.જેથી ફરીયાદીએ તેની ફરીયાદ લખાવેલી.આંક–૫૨ ની ફરીયાદમા પોતાની તથા ફરીયાદીની સહી ઓળખી બતાવેલ છે.

**(૩૪)** આ કામે ફરીયાદીએ આરોપીઓને ગાળો બોલવાની ના પાડતા આરોપી ટીનાભાઈએ ફરીયાદીના શર્ટનો કાંઠલો પકડેલ અને ફરીયાદી ને છાતીના ભાગે ડાબી બાજુ ઢીકા મારી મહાવ્યથા કરેલ તથા ફરીયાદીને નખો મારી તથા ચકામા કરી સ્વૈચ્છાપુર્વક વ્યથા કરેલ છે.આ હકીકત બતાવે છે કે, આરોપીઓએ ફરીયાદી ઉપર ગુનાહિત હુમલો કરી બળ વાપરી ગુનો કરેલ છે.આ હકીકતને નજરે જોનાર સાહેદોની જુબાનીથી પણ ટેકો મળે છે.

**(૩૫)** આ કામે ફરીયાદપક્ષે આંક–૪૮ થી યાકુબભાઈ અનંતભાઈ વસાવા સોગંદ પરની જુબાનીમા જણાવે છે કે જુગારના આરોપીઓને છોડાવવા આવેલા અને પોલીસની ફરજમા રુકાવટ કરી ફરીયાદીને માર મારેલો અને તેમનુ શર્ટ ફાડી નાખેલુ.તેમજ સમન્સ,વોરંટ ફાડી નાખેલા.આંક–૪૯ થી બારનીશી રજીસ્ટરની નકલ રજુ થયેલ છે.આંક–૪૯ આરોપીનુ વોરંટ હતુ તેવી કોઈ હકીકત ખુલતી નથી.તદઉપરાંત યાકુબભાઈ ઉલટતપાસમા કબુલ કરેલ છે કે બનાવ વખતે હતો નહી અને બનાવ નજરે જોયેલ નથી.

**(૩૬)** આ કામે આંક–૫૦ થી ખુમાનસિંહ હેમુભા ડોડીયાને તપાસેલ છે.તેઓ સોગંદ પરની જુબાનીમા જણાવે છે કે આરોપીઓએ ફરીયાદીનુ શર્ટ ફાડી નાખેલુ અને પંકજભાઈના હાથમાથી સમન્સ વોરંટ ઝુંટવી ફાડી નાખેલા અને ફરીયાદી પર હુમલો કરેલો.ખુમાનસિંહની ઉલટતપાસમા આરોપીઓએ ફરીયાદી પર હુમલો કરેલો વિગેરેની હકીકત ઉલટતપાસમા પડકારવામા આવેલ નથી.

**(૩૭)** આ કામે ફરીયાદપક્ષે આંક–૫૧ થી અનિરુઘ્ધસિંહ ભુપેન્દ્રસિંહ ગોહીલને તપાસેલ છે.

તેઓ સોગંદ પરની જુબાનીમા જણાવે છે કે પ્રથમ બનાવ વખતે હાજર હતા.ત્યારબાદ બીજો બનાવ બન્યો તે અંગે જણાવે છે તથા તેઓએ ફરીયાદીની ફરીયાદ લીધેલી તેમ જણાવે છે અને આંક–૫૨ ની ફરીયાદમા પોતાની તથા ફરીયાદીની સહી ઓળખી બતાવે છે. શ્રી ગોહીલ ઉલટતપાસમા કબુલ કરે છે કે બીજા બનાવ બાબતે ફરીયાદીએ તેઓને ફોન કરેલો તેથી તેઓ પોલીસ સ્ટેશન આવેલા જેથી તેઓએ બીજો બનાવ નજરે જોયેલ નથી.

**(૩૮)** આ કામે આંક–૬૦ થી દિલીપભાઈ બ્રિજલાલ વળવી તેમની સોગંદ પરની જુબાનીમા જણાવેલ છે કે તેઓએ આ કામની તપાસ કરેલ છે.ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરેલ છે.સાહેદોના નિવેદનો લીધેલ છે.ફરીયાદીનુ બુશર્ટ કબજે કરેલ છે.આંક–૬૧ થી સારવાર સર્ટિ.મેળવવા માટે ડોકટરશ્રીને લખેલ યાદી રજુ કરેલ છે તથા આંક–૬૨ થી સ્ટેશન ડાયરીની નકલ રજુ કરેલ છે.આરોપીઓને અટક કરી પુરાવો હોય ચાર્જશીટ કરેલ.આરોપીઓને ઓળખી બતાવેલ છે.

**(૩૯)** આ કામે ફરીયાદપક્ષના સમગ્ર પુરાવાનુ બારીકાઈથી ચકાસણી કરતા અને મુલ્યાકંન કરતા ફરીયાદી જાહેરનોકર તરીકેની ફરજ બજાવતા હતા તે હકીકત સાચી છે પરંતુ ફરીયાદીને અટકાવવા માટે જાહેર નોકર તરીકેની ફરજ બજાવતા અટકાવ્યાનો કે જાહેર કાર્યો બજાવવામા અવરોધ કર્યા અંગેનો પુરાવો નથી.આ કામે ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો જોઈએ તો આરોપીઓ પી.એસ.ઓ.ને ગાળો આપતા ત્યારે ફરીયાદીએ ગાળો આપવાની ના પાડતા આરોપીએ ફરીયાદી પર હુમલો કરી ફરીયાદીને સ્વૈચ્છાપુર્વક વ્યથા અને મહાવ્યથા કરેલ છે.એટલે કે આરોપીઓએ ફરીયાદીને જાહેર નોકર તરીકેની ફરજ બજાવતા અટકાવવા બાબતે કે અવરોધ કર્યા બાબતે પુરાવા નથી પરંતુ માત્ર આરોપીઓએ ફરીયાદી ઉપર હુમલો કરી સ્વૈચ્છાપુર્વક વ્યથા તથા સ્વૈચ્છાપુર્વક મહાવ્યથા કર્યાનુ પુરવાર થાય છે.આમ ઉપર ચર્ચા કર્યા મુજબ આરોપીઓ વિરુઘ્ધ ભારતીય દડસંહિતા ૧૮૬૦ ની કલમ ૩૩૨,૩૩૩,૩૫૩,૧૮૬ મુજબનો ગુનો પુરવાર થતો નથી પરંતુ ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ની કલમ ૩૨૩,૩૨૫,૩૫૨ મુજબનો શિક્ષાપાત્ર ગુનો પુરવાર થાય છે.

**(૪૦)** ઉપર જણાવેલ કારણોસર સમગ્ર પુરાવો જોતા ફરીયાદી જાહેર સેવક તરીકેની ફરજ બજાવતા અટકાવવા માટે કે ફરીયાદીને જાહેર કાર્ય બજાવવામા અવરોધ કરેલ છે તેવો ફરીયાદપક્ષનો પુરાવો નથી.પરંતુ આરોપીઓએ ફરીયાદી ઉપર ઉશ્કેરાઈ જઈ હુમલો કરી

ગુનાહિત બળ વાપરી ફરીયાદીને સ્વૈચ્છાપુર્વક વ્યથા તથા મહાવ્યથા કર્યાનુ નિશઃકપણે પુરવાર થાય છે.ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૨૨૨ મુજબ જો કોઈ ગુનામા ગુનાની તે કલમમા નાના ગુનાનુ તહોમત મુકેલ ન હોય તે છતાં નાના ગુનામા આરોપીઓને સજા કરી શકાય.તે અંગેની જોગવાઈ જોવામા આવે તો તેમા જણાવેલ છે કે

**૨૨૨. જયારે પુરવાર થયેલો ગુનો(જે) ગુના અંગે તહોમત ઘડવામા આવ્યુ હોય તેમા સમાવિષ્ટ થાય.**

(૧) કોઈ વ્યકિત પર કેટલીક બાબતોના કારણે બનતા કોઈ ગુના માટે તહોમત મુકવામા આવે તથા તે માટેની કેટલીક બાબતો મળીને કોઈ હળવો ગુનો પુર્ણ થતો હોય તથા તેવી બાબતો મળ્યાનુ પુરવાર થાય તથા બાકીની બાબતો પુરવાર થતી ન હોય ત્યારે તે હળવા ગુનાનુ તહોમત મુકવામા આવ્યુ ન હોય છતાં તેને તે હળવા ગુના માટે દોષિત ઠરાવી શકાય.

(૨) કોઈ વ્યકિત પર કોઈ ગુનાનુ તહોમત મુકવામા આવે તથા તે ગુનાને હળવો બનાવે તેવી હકીકતો પુરવાર થાય તો તેના પર તે હળવા ગુનાનુ તહોમત મુકવામા આવ્યુ ન હોય તો પણ તેને તે ગુના માટે દોષિત ઠરાવી શકાશે.

(૩) કોઈ વ્યકિત પર કોઈ ગુનાનુ તહોમત મુકવામા આવે ત્યારે તે ગુનો કરવાની કોશીષ કરવાનુ અલગ તહોમત મુકવામા આવ્યુ ન હોય તો પણ તેને તે ગુનો કરવાની કોશીશ કરવા માટે દોષિત ઠરાવી શકાશે.

(૪) જયારે કોઈ હળવા ગુનાના સબંધમા કાર્યવાહીની શરુઆત કરવા માટેની આવશ્યક શરતો સંતોષાઈ ન હોય ત્યારે તેવા કોઈપણ ગુના માટે કોઈને દોષિત ઠરાવવાનો અધિકાર આ કલમની કોઈ પણ જોગવાઈના મળતો હોવાનુ ગણાશે નહી.

મારી પાસેના કેસમા પણ ફરીયાદપક્ષે આરોપીઓ વિરુઘ્ધ ભારતીય દંડસંહિતા ૧૮૬૦ ની કલમ ૩૩૨,૩૩૩,૩૫૩,૧૮૬ મુજબનો શિક્ષાપાત્ર ગુનો પુરવાર કરેલ નથી પરંતુ આરોપીઓ સામે ફરમાવેલ આંક–૨૦ ના તહોમતનામામા ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ની કલમ ૩૨૩,૩૨૫,૩૫૨ મુજબ શિક્ષાપાત્ર ગુના અંગેનો તહોમતનામામા સમાવિષ્ટ થઈ જાય છે. ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ની કલમ ૩૨૩,૩૨૫,૩૫૨ મુજબના શિક્ષાપાત્ર ગુનામા સજાની જોગવાઈ આક્ષેપિત ગુનાથી ઓછી છે તથા હળવા પ્રકારનો ગુનો છે.તેથી ઉપરોકત ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ની કલમ ૨૨૨ ની જોગવાઈઓ ઘ્યાને લેતા આરોપીઓ વિરુઘ્ધ ફરીયાદપક્ષે ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ની કલમ ૩૨૩,૩૨૫,૩૫૨ મુજબનો ગુનો નિશઃકપણે પુરવાાર કરેલ છે.જેથી ઉપરોકત કાયદાની જોગવાઈ ઘ્યાને લઈ

આરોપીઓને ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ની કલમ ૩૨૩,૩૨૫,૩૫૨ મુજબના ગુનામા તકસીરવાર ઠરાવવામા આવે છે.જેથી મુદદા નં. ૧ થી ૪ નો નિર્ણય ઉપર ચર્ચા કર્યા મુજબ ઠરાવવામા આવે છે.

**મુદદા નં. ૫**

**(૪૧)** આ કામે આરોપીઓ પર આક્ષેપિત ગુનો એકબીજાની મદદગારી કરી,કરાવેલ હોવાનો આક્ષેપ છે તે અંગે ફરીયાદપક્ષનો પુરાવો વંચાણે લેતા ફરીયાદી ગૌતમભાઈ સોગંદ પરની જુબાનીમા જણાવે છે કે આરોપીએ ઉશ્કેરાઈ જઈ ગાળો બોલવા લાગેલ જેથી ફરીયાદી તથા પી.એસ.ઓ.એ તથા નિકુલસિંહે આરોપીઓને સમજાવેલા પરંતુ આરોપીઓ સમજેલ નહી.સ્વાભાવિક રીતે જ ફરીયાદી મોટી ઉમંરના હોવાથી આરોપીઓ ગાળો બોલતા હતા તેમજ તેનો વિરોધ કરતા ત્રણેય આરોપીઓ ફરીયાદીને છાતીના ભાગે મારી મહાવ્યથા કરેલ છે.તદઉપરાંત આરોપીઓ ફરીયાદીને ઢીકા મારી તેથી ચકામા થાય તે પણ સ્વાભાવિક છે અને આ પ્રક્રિયામા આરોપીઓના નખ પણ ફરીયાદીને વાગે તે પણ સ્વાભાવિક છે.આ હકીકતને ડો.શ્રી સંગીતાપ્રસાદની જુબાનીથી સમર્થન મળે છે.ડોકટરશ્રીએ બનાવના તુરત બાદ ફરીયાદીની ઈજાઓ જોયેલ છે તેથી ફરીયાદી ચકામા તથા નખની ઈજા ન કહે તેથી તે ઈજાઓ થયેલ નથી તેવુ માની શકાય નહી.ઉપર કહયુ તેમ ચકામાની ઈજા ડોકટરશ્રીની ઉલટતપાસમા પડકારવામા આવેલ નથી.આમ ત્રણેય આરોપીઓએ ફરીયાદી પર હુમલો કરી એકબીજાની મદદગારી કરી સ્વૈચ્છાપુર્વક વ્યથા તથા મહાવ્યથા કર્યાનુ નિશઃકપણે પુરવાર થાય છે.તેથી મુદદા નં.૫ નો નિર્ણય તે મુજબ હકારમા ઠરાવવામા આવે છે.આરોપીઓએ ઈ.પી.કો.ક. ૩૫૨,૩૨૩,૩૨૫ નો ગુનો એકબીજાની મદદગારીમા કરી કરેલ છે તે શંકાથી પર ફરીયાદપક્ષે પુરવાર કરેલ છે.

**મુદદા નં. ૬ અને ૭**

**(૪૨)** આ કામે ફરીયાદપક્ષે આંક–૫૬ થી ગૌતમભાઈ રતીલાલ ભાવસારને તપાસેલ છે.તેઓ આ કામના ફરીયાદી છે.ગૌતમભાઈ સોગંદ પરની જુબાનીમા જણાવે છે કે, ટીનાભાઈ કેશવભાઈએ તેના શર્ટનો કાંઠલો પકડેલ અને તેના શર્ટનુ બટન અને ડાબી બાજુના શર્ટનુ ખિસ્સુ ફાડી નાખેલ.ગૌતમભાઈ સોગંદ પરની જુબાનીમા જણાવે છે કે પંકજભાઈ ડાયાભાઈ દુલેરા પાસે નામ.કોર્ટના વોરંટ હતા.જે આ વોરંટ રજનીકાંત ઉર્ફે ટીનાભાઈ કેશાભાઈ વાણીયાના નામના

હતા.જે વોરંટ પંકજભાઈએ ટીનાભાઈને બતાવતા ટીનાભાઈએ સદરહુ વોરંટ પોલીસ સ્ટેશનમા પી.એસ.ઓ. પાસે ફાડી નાખી દીધેલા હતા પરંતુ સાહેદ પંકજભાઈ દુલેરા,ભુપતભાઈ કરમશીભાઈ દેથરીયા તથા દલસુખભાઈ ડાયાભાઈ લકુમ તથા નિકુલસિંહ રઘુવિરસિંહ પરમારનાઓ તેઓના સોગંદ પરના પુરાવામા જણાવતા નથી કે પંકજભાઈ તેઓની પાસેના વોરંટ આરોપી રજનીકાંત ઉર્ફે ટીનાભાઈને બતાવેલા.તદઉપરાંત આ કામના ત.ક.અધિકારીશ્રી દીલીપભાઈ વળવી આંક–૬૦ ની જુબાનીમા સરતપાસમા કયાંય જણાવતા નથી કે આરોપી ટીનાભાઈ જે કોર્ટના વોરંટ ફાડી નાખી પી.એસ.ઓ.ના ટેબલ પાસે નાખી દીધેલા કે તેઓએ પંચો રુબરુ કબજે કરેલા.આ કામના ફરીયાદી કે ફાટેલા કે નાશ કરેલા વોરંટ જુબાની દરમ્યાન બતાવવામા આવેલ નથી.તદઉપરાંત ફરીયાદી ગોતમભાઈ ઉલટતપાસમા કબુલ કરેલ છે કે, પંકજભાઈ પાસે આરોપી રજનીભાઈનુ વોરંટ હોય અને તે તેમને બતાવેલ તેવી કોઈ હકીકત ફરીયાદમા લખાવેલ નથી.તદઉપરાંત સાહેદ પંકજભાઈ તથા સાહેદ ભુપતભાઈ તથા સાહેદ દલસુખભાઈ વિગેરે ઉલટતપાસમા કબુલ કરેલ છે કે કયા કેસના સમન્સ,વોરંટ આરોપી રજનીભાઈએ ફાડી નાખેલા તેના નંબર તેઓએ તેમના નિવેદનમા લખાવેલ નથી.તદઉપરાંત પી.એસ.આઈ. ગોહીલ આંક–૫૧ ની સોગંદ પરની જુબાનીમા કબુલ કરે છે કે આ કાગળો તેના આવ્યા પહેલા કયા આરોપીએ ફાડી નાખેલા તે કહી શકે નહી.આમ સમગ્ર પુરાવો જોઈએ તો આરોપી ટીનાભાઈએ પંકજભાઈ પાસેના સમન્સ વોરંટ ફાડી નાખેલા તે નિશઃકપણે માની શકાય તેવો પુરાવો ફરીયાદપક્ષ આપવામા નિષ્ફળ ગયેલ છે.

**(૪૩)** ફરીયાદી ગૌતમભાઈ તેમની સોગંદ પરની જુબાનીમા વધુમા જણાવે છે કે આરોપી ટીનાભાઈએ તેઓના શર્ટનુ બટન અને ડાબી બાજુનુ ખિસ્સુ ફાડી નાખેલ.આ શર્ટ ગોતમભાઈને કે અન્ય સાહેદોને કોર્ટ સમક્ષ પુરાવા દરમ્યાન બતાવવામા આવેલ નથી. તદઉપરાંત પી.એસ.આઈ.શ્રી ગોહીલ સોગંદ પરની જુબાનીમા સરતપાસમા કાંઈ જણાવતા નથી કે આરોપી ટીનાભાઈએ ગૌતમભાઈનો શર્ટ ફાડી નાખેલ અને તે તેણે જોયેલ.આમ આરોપી ટીનાભાઈએ ફરીયાદી ગૌતમભાઈનો શર્ટ ફાડી નાખેલો અને નુકસાન કરેલ તે ફરીયાદપક્ષ શંકાથી પર પુરવાર કરવામા નિષ્ફળ ગયેલ છે જેથી મુદદા નં. ૬ અને ૭ નો નિર્ણય નકારમા ઠરાવવામા આવે છે.

**<u>મુદદા નં. ૮</u>**

**(૪૪)** આ કામે આરોપી નં.૧ અને ૩ ના વિ.વકીલશ્રી ઉપાધ્યાયનાઓએ દલીલ કરેલ

છે કે જુગારના આરોપીઓને લોકઅપમા રાખવામા આવેલા તે બાબતે ફરીયાદપક્ષે લોકઅપ રજીસ્ટરની નોંધ કે એરેસ્ટ મેમો  કે પંચનામાની નકલ રજુ કરેલ નથી.તદઉપરાંત આરોપીને લોકઅપમા રાખવામા આવેલ તેનુ નામ પણ જણાવવામા આવેલ નથી.જેથી આરોપીઓ વિરુધ્ધ પ્રથમ દર્શનિય પુરાવો રજુ કરેલ નહી હોવાથી આરોપીઓને છોડી મુકવા અરજ કરેલ છે.આ દલીલ વાજબી નથી.સૌપ્રથમ તો આરોપીઓને જુગારધારા હેઠળ અટક કરવામા આવેલા અને લોકઅપમા રાખવામા આવેલા તે નિર્વિવાદ હકીકત છે એટલે કે ઉપરોકત હકીકત આરોપીપક્ષ તરફે સાહેદ પંકજભાઈ તથા સાહેદ ભુપતભાઈ તથા સાહેદ દલસુખભાઈની ઉલટતપાસમા બનાવ સમયે જુગારના ચાર આરોપીઓ લોકઅપમા હતા તે હકીકત કબુલ કરેલ છે.તેથી ફરીયાદપક્ષે જુગારના આરોપીઓના નામ જણાવ્યા ના હોય કે તે અંગેની વિગતો જણાવેલ ન હોય તેથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી શકાય નહી.ઉલ્ટાનુ જુગારના આરોપીઓ લોકઅપમા હતા તે હકીકત બચાવપક્ષે ઉપરોકત સાહેદોની ઉલટતપાસમા કબુલ કરેલ હોવાથી ફરીયાદપક્ષે ઉપરોકત હકીકતો રજુ કરવાની જરુરત જ ન હતી.તેથી આરોપીઓના વિ.વકીલશ્રીની આ ઉપરોકત દલીલમા વજુદ નથી.

**(૪૫)** વધુમા આરોપી નં.૧ અને ૩ ના વિ.વકીલશ્રી ઉપાધ્યાયનાઓએ દલીલ કરેલ છે કે પ્રથમ બનાવ રાત્રીના સાડા આઠ વાગે બન્યા બાબતે પોલીસ સ્ટેશનમા કોઈ નોંધ કરવામા આવેલી નથી કે ફરીયાદ નોંધવામા આવેલ નથી. તેથી પ્રથમ બનાવ બનેલ જ નથી તેથી આરોપીઓને છોડી મુકવા અરજ કરેલ છે.એ વાત ખરી છે કે, હાલના આરોપીઓ રાત્રીના ૮–૩૦ વાગે આવેલા અને બિભત્સ ગાળો બોલેલા તે બાબતે ત.ક.અધિકારીશ્રીએ પોલીસ સ્ટેશનમા કોઈ નોંધ કરેલ નથી કે ફરીયાદ આપેલ નથી.આ હકીકત ફરીયાદી ગૌતમભાઈ બચાવપક્ષની ઉલટતપાસમા પણ કબુલ કરે છે.જો ગૌતમભાઈને પુછવામા આવ્યુ હોત કે શા માટે ફરીયાદ કરવામા આવેલ નથી તો તે બાબતે ખુલાસો કરત.પરંતુ આવો સવાલ પુછેલ નહી હોવાથી આ દલીલ સ્વીકારી શકાય નહી.તદઉપરાંત પ્રથમ જે બનાવ બનેલ છે તે ગંભીર પ્રકારનો નહી હોવાથી તથા આરોપીઓ પોલીસ સ્ટેશનથી જતા રહેલ હોવાથી પોલીસે ગુનો દાખલ કરેલ નથી તેમ ફરીયાદપક્ષના પુરાવાથી જણાઈ આવે છે.તદઉપરાંત હાલના આરોપીઓને પ્રથમ બનાવ અંગે તકસીરવાન ઠરાવવામા આવતા નથી પરંતુ રાત્રીના ૧૧ વાગે જે કોગ્નિઝેબલ ગુનો બનેલ છે અને પુરવાર થયેલ છે તે અંગે સજા કરવામા આવે છે.તેથી પ્રથમ બનાવ અંગે પોલીસે કોઈ કાર્યવાહી કરેલ ન હોવાથી જે ગુનો પુરવાર થયેલ છે તેમા આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી શકાય નહી.જેથી

ઉપરોક્ત દલીલને આધારે પણ આરોપીઓને છોડી શકાય નહી.

**(૪૬)** વધુમા આરોપી નં.૧ અને ૩ ના વિ.વકીલશ્રી ઉપાધ્યાયનાઓએ દલીલ કરેલ છે કે બનાવ વખતે જે પોલીસ કર્મચારીઓ ડયુટી પર હાજર હતા તે બાબતે તેઓની હાજરીપત્રક રજુ કરેલ નથી. તે જ બતાવે છે કે તે સાહેદો ફરજ પર હાજર ન હતા તેથી પણ આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.આ દલીલમા પણ વજુદ નથી.બચાવપક્ષે ગૌતમભાઈની ઉલટતપાસમા કબુલ કરેલ છે કે બનાવ વખતે પોલીસ સ્ટેશનમા પો.કો. ભુપતભાઈ કરમશીભાઈ, ગૌતમ રતીલાલ તથા પંકજભાઈ ડાયાભાઈ વિગેરે હાજર હતા.આ હકીકત ફરીયાદીએ તેની ફરીયાદમા લખાવેલ છે તેવુ બચાવપક્ષે ઉલટતપાસમા કબુલ કરેલ છે.આ હકીકત ફરીયાદમા પણ છે અને તમામ સાહેદો પણ કોર્ટ સમક્ષ સોગંદ પરના પુરાવામા જણાવે છે.સાહેદોને આરોપીઓ સાથે કોઈ દુશ્મનાવટ કે વૈમનસ્ય નથી.ફરીયાદીએ ફરીયાદમા સાહેદો હાજર હતા તેવુ જણાવેલ છે અને બચાવપક્ષ તરફે આ હકીકત કબુલ કરેલ છે તે જ બતાવે છે કે બનાવ વખતે પોલીસ કર્મચારીઓ હાજર હતા.બનાવ પોલીસ સ્ટેશનમા બનેલ હોવાથી પોલીસ કર્મચારીઓ હાજર હોય તેવા અનુમાન ઉપર જવામા પણ જરાપણ ભુલભરેલ નથી.તેથી ઉપરોકત દલીલમા વજુદ ન હોય તે સ્વીકારવામા આવતી નથી.

**(૪૭)** વધુમા આરોપી નં.૧ અને ૩ ના વિ.વકીલશ્રી ઉપાધ્યાયનાઓએ દલીલ કરેલ છે કે ફરીયાદીએ બનાવ બાદ ૧૨ કલાક બાદ સારવાર લીધેલ હોવા બાબતે કોઈ ખુલાસો કરેલ નથી તે શંકા ઉતપન્ન કરે છે જેથી આરોપીઓને છોડી મુકવા અરજ કરેલ છે.આ અંગે અગાઉ ચર્ચા કરવામા આવેલ છે.ઉપર જણાવ્યા મુજબ ડો.શ્રી સંગીતાપ્રસાદ સોગંદ પરના પુરાવામા સ્પષ્ટપણે જણાવે છે કે ગૌતમભાઈની ઈજા તાજી હતી અને આ હકીકત બચાવપક્ષે ડો.સંગીતાપ્રસાદની ઉલટતપાસમા પડકારવામા આવેલ નથી.ઉપર કહયુ તેમ ડોકટરશ્રીને પી.એમ.લખવામા ગેરસમજ થયેલ છે.સામાન્ય વ્યવહારમા કાર્યવાહીમા જે રાત્રીમા ૦૦–૪૫ વાગે બનાવ બન્યો હોય ત્યારે રાત્રીના ૧૨–૪૫ વાગે બનાવ બન્યો તેવુ જ લખવામા આવે છે.જેથી ડોકટરશ્રીએ તા.૮/૧૦/૧૬ સર્ટિફીકેટમા તથા કેસપેપર્સમા બરાબર અને યોગ્ય લખેલ છે પરંતુ ૧૨–૪૫ પી.એમ.ભુલથી લખેલ છે.ખરેખર ડોકટરશ્રીએ ઈજા પ્રમાણપત્રમા ૦૦–૪૫ વાગે લખવાની જરુર હતી.તદઉપરાંત જો ડોકટરે ઈજા પામનારને બનાવ પછી ૧૨–૦૦ કલાકે તપાસેલ હોય તો ઈજા પ્રમાણપત્રમા ઈજા તાજી હતી તેમ ન જણાવતા.

તદઉપરાંત ડોકટરશ્રીના પુરાવામા આ અંગે પુછવામા આવેલ હોત તો ડોકટરશ્રી આ સમય અંગે ખુલાસો કરત.જેથી ઈજા પામનારને ડોકટરે બનાવ બાદ ૧૨ કલાક વિલબંથી તપાસેલ છે તે દલીલ ગ્રાહય રાખી શકાય નહી.જેથી પણ આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી શકાય નહી.

**(૪૮)** વધુમા આરોપી નં.૧ અને ૩ ના વિ.વકીલશ્રી ઉપાધ્યાયનાઓએ દલીલ કરેલ છે કે ફરીયાદમા ફરીયાદીએ ત્રણ આરોપીઓના નામ આપેલ છે જયારે આંક–૩૧ ની પોલીસ યાદીમા બે આરોપીઓના નામ જ લખવામા આવેલ છે.ત્યારે કેસ પેપર્સમા એક પણ આરોપીનુ નામ જણાવેલ નથી.જેથી સર્ટિફીકેટમા ડોકટરશ્રીએ પોલીસના દબાણને લઈને ત્રણ આરોપીઓના નામ મેડી.સર્ટિફીકેટમા જણાવેલ છે.તેથી આરોપીઓને નિર્દોષ છોડી મુકવા અરજ કરેલ છે.એ વાત ખરી છે કે આંક–૩૧ ની પોલીસ યાદીમા બે આરોપીઓના નામ જણાવેલ છે.આ આંક–૩૧ ની યાદી પી.એસ.ઓ.એ લખેલ છે.યાદી પહેલા ફરીયાદીએ ફરીયાદ આપેલ છે.તેમા ત્રણ આરોપીઓના નામ જણાવેલ છે.તેથી પી.એસ.ઓ.ની યાદીમા એક આરોપીનુ નામ ભુલથી લખવાનુ રહી ગયેલ છે.એ વાત ખરી છે કે એમ.એલ.સી. કેસપેપર્સમા ત્રણેય આરોપીઓના નામ લખવામા આવેલ નથી પરંતુ ડોકટરશ્રી કેસપેપર્સમા ત્રણ વ્યકિતએ ફરીયાદીને માર મારેલ છે તેવુ સ્પષ્ટપણે લખેલ છે.ત્રણ વ્યકિત એટલે હાલના ત્રણ આરોપીઓ. કેસ પેપર્સ તથા ઈજા પ્રમાણપત્ર તા. ૮/૧૦/૧૬ ના એક જ દિવસે લખવામા આવેલ છે.ફરીયાદી પોલીસ કર્મચારી છે.ફરીયાદીએ ફરીયાદમા પણ ત્રણ આરોપીઓના નામ લખાવેલ છે.એવુ લાગે છે કે ડોકટરે ફરીયાદીએ ત્રણ આરોપીઓના નામ જણાવેલ હોવા છતાં કેસ પેપર્સમા લખેલ નથી પરંતુ સર્ટિફીકેટમા લખેલ છે.તદઉપરાંત આ અંગેની તકરાર ડો.સંગીતાપ્રસાદની ઉલટતપાસમા બચાવપક્ષ તરફે પુછેલ નથી કે ખુલાસો પુછેલ નથી.જો ડોકટરશ્રીને આ અંગે પુછવામા આવ્યુ હોત તો ડોકટરશ્રી આ અંગે ખુલાસો કરત.આ સંજોગોમા આરોપીઓએ ગુનો કરેલ છે તેવો નિશઃકપણે પુરાવો હોવાથી પડેલ પુરાવાને અવગણી શકાય નહી.દરેક સાચા કેસમા સામાન્ય વિરોધાભાસ હોય છે.સમગ્ર પુરાવો જોતા આરોપીઓએ ગુનો કરેલ છે તે નિશઃકપણે પુરવાર થતુ હોવાથી આરોપીઓના વિ.વકીલશ્રીની દલીલ સ્વીકારવા લાયક નહી હોવાથી આરોપીઓને છોડી મુકાય તેમ નથી.

**(૪૯)** વધુમા આરોપી નં.૧ અને ૩ ના વિ.વકીલશ્રી ઉપાધ્યાયનાઓએ દલીલ કરેલ છે કે ફરીયાદીને સારવાર આઉટડોર પેશન્ટ તરીકે આપી તુરત રજા આપવામા આવેલ છે.તેથી

ફરીયાદીને ગંભીર ઈજા થયેલાનુ માની શકાય નહી.જેથી પણ આરોપીઓને છોડી મુકવા અરજ કરેલ છે.ફરીયાદીને છાતીમા ત્રીજી પાંસળીએ અસ્થિભંગ થયેલ છે.આંક–પર ની ફરીયાદ સાથે ત.ક.અધિકારીશ્રીએ કલમ ઉમેરો કરવા રિપોર્ટ આપેલ છે તેમા જણાવેલ છે કે ફરીયાદી હાલ સી.એચ.સી.ધ્રાંગધ્રા ખાતે અંદરના દર્દી તરીકે સારવાર હેઠળ છે.તદઉપરાંત ફરીયાદીનો એકસ–રે લેવામા આવેલ છે.સારવાર આપવામા આવેલ છે.આમા થોડો સમય જાય જ તેથી એમ નહી કહી શકાય કે તુરત જ રજા આપેલ છે.ઉપરના કારણોસર આરોપીના વિ.વકીલશ્રીની દલીલ સ્વીકારી શકાય નહી.

**(૫૦)** વધુમા આરોપી નં.૧ અને ૩ ના વિ.વકીલશ્રી ઉપાધ્યાયનાઓએ દલીલ કરેલ છે કે એકસ–રે પ્લેટ રજુ કરવામા આવેલ નથી તેમજ તેની નોંધ કે ઉતારો રજુ કરવામા આવેલ નથી.જે કર્મચારીએ એકસ–રે લીધેલ તેને તપાસેલ નથી.એકસ–રે રિપોર્ટ રજુ કરેલ નથી.અસ્થિભંગ બાબતે શું સારવાર આપેલ તે ડોકટરશ્રીએ જણાવેલ નથી.તેથી ફરીયાદીને ફ્રેકચર થયેલાનુ પુરવાર થતુ ન હોય આરોપીઓને છોડી મુકવા વિનંતી કરેલ છે.એ વાત ખરી છે કે એકસ–રે પ્લેટ તથા તે અંગેની નોંધ રજુ કરવામા આવેલ નથી.પરંતુ ડો.શ્રી સંગીતાપ્રસાદે સોગંદ પરના પુરાવામા સ્પષ્ટપણે જણાવેલ છે કે, દર્દીનો ઈજા અંગેનો એકસ–રે લેવામા આવેલ અને એકસ–રે જોતા દર્દીને ડાબી બાજુએ ત્રીજી પાંસળીમા ફ્રેકચર જોવામા આવેલ.જો,કે ડોકટરશ્રીની ઉલટતપાસમા ફરીયાદીને ફ્રેકચર થયેલ નથી તેવી તકરાર લેવામા આવેલ નથી.કહેવાનો અર્થ એ છે કે ફરીયાદીને ફ્રેકચર થયેલાની હકીકત નિર્વિવાદ છે.જો બચાવપક્ષે ઉલટતપાસમા આ અંગે તકરાર લીધી હોય તો ડોકટર એકસ–રે રજુ કરત તથા તે અંગેનો પુરાવો રજુ કરત.ડોકટરશ્રીએ ઈજા પામનારનો એકસ–રે લીધેલ છે.એકસ–રે મા ફ્રેકચર થયેલ હોવાનુ જોયેલ છે.આ પુરાવાને અવગણી શકાય નહી.ફરીયાદપક્ષે શું ભુલો કરેલ છે તે જોવાનુ નથી પરંતુ પડેલ પુરાવા ઉપરથી આરોપીઓએ ગુનો કરેલ છે કે કેમ ? તે જોવાનુ છે.ડોકટરશ્રી તટસ્થ સાક્ષી છે.તેને આરોપીઓ વિરુઘ્ધ કોઈ દુશ્મનાવટ કે વૈમનસ્ય નથી.આ કેસથી તેઓને કોઈ અંગત લાભ થવાનો નથી.ઈજા પામનારે ડોકટરશ્રીને હિસ્ટ્રીમા પણ આરોપીઓના નામ જણાવેલ છે.તેથી જયારે ઈજા પામનારને ફ્રેકચર થયેલ છે તે નિર્વિવાદ હકીકત હોવાથી એકસ–રે પ્લેટ કે તે અંગેની નોંધ રજુ કરવામા નહી હોવાની દલીલના અનુસંધાને આરોપીઓને છોડી મુકાય નહી.તદઉપરાંત આરોપીઓના વિ.વકીલશ્રીએ ઉપરોકત દલીલના સમર્થનમા ૨૦૧૩(ક),એ.આઈ.આર.,નામ.બોમ્બે હાઈકોર્ટ,પાના નં. ૧૦૩૦, ફેજાન

અહેમદ અબ્દુલ વહાબ શાહ વિરુધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્રના ચુકાદા પર આધાર રાખેલ છે પરંતુ તે કેસની હકીકત અને આ કેસનો પુરાવો તદન અલગ છે.જેથી ઉપરોકત ચુકાદો આરોપીઓના કેસને મદદરુપ નથી.

**(૫૧)** વધુમા આરોપી નં.૧ અને ૩ ના વિ.વકીલશ્રી ઉપાધ્યાયનાઓએ દલીલ કરેલ છે કે બનાવવાળી જગ્યાએ જાહેર રોડ આવેલ છે તેમજ વાહનોની અવરજવર છે. તેમ છતાં કોઈ ત્રાહિત કે તટસ્થ વ્યકિતને કોર્ટ સમક્ષ લાવવામા આવેલ નથી.તે જ બતાવે છે કે ફરીયાદપક્ષનો કેસ સાચો નથી જેથી આરોપીઓને છોડી મુકવા જોઈએ.એ વાત સાચી નથી કે આ કામમા કોઈ તટસ્થ વ્યકિતને તપાસવામા આવેલ નથી.આ કામે ડોકટરશ્રી સંગીતાપ્રસાદ તટસ્થ સાક્ષી છે. તદઉપરાંત આ કામનો બનાવ પોલીસ સ્ટેશનની અંદર બનેલ છે.જેથી સ્વાભાવિક રીતે પોલીસ સ્ટેશનની અંદર શું બનાવ બને તે રોડ ઉપર જતી વ્યકિતને ખબર પડે નહી.તદઉપરાંત આ કામનો બનાવ રાત્રીના ૧૧ વાગે બનેલ છે.તદઉપરાંત તે સમય શિયાળાની શરુઆત હોય.તદઉપરાંત સૌરાષ્ટંમા સાંજ પછી ઠંડક થઈ જતી હોય છે.આવી પરિસ્થિતીમા સ્વાભાવિક રીતે જ રાત્રે રોડ પર અવરજવર ભાગ્યે જ હોય.વાહન ચલાવતી વ્યકિતને પોલીસ સ્ટેશન સાથે નિસ્બત ન હોય તેથી પોલીસ સ્ટેશન બાજુ તે જોવે પણ નહી.ઉપર કહયુ તેમ બનાવ પોલીસ સ્ટેશનની અંદર બનેલ હોવાથી પોલીસ સ્ટાફના સભ્યો સિવાય અન્ય વ્યકિતઓ ન હોય તે સ્વાભાવિક છે.આ પરિસ્થિતીમા માનવાલાયક પુરાવા હોવા છતાં નહી માની આરોપીઓને છોડી મુકવામા આવે તો ફરીયાદીને અન્યાય કરવા બરાબર છે.કોર્ટો ન્યાય માટે છે.તેથી પોલીસ સ્ટાફ સિવાય બીજી કોઈ વ્યકિતને તપાસવામા નહી આવેલ તે કારણસર આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી શકાય નહી.આ અંગે આરોપીઓના વિ.વકીલશ્રીએ ક્રિ.લો.રિપોર્ટ, ૨૦૧૧, પાના નં.૨૭ તથા એ.સી.સી.૨૦૧૧ (૨) પાના નં.૮૨ ઉપરના ચુકાદા પર આધાર રાખેલ છે પરંતુ ઉપરોકત કારણોસર આરોપીઓના વિ.વકીલશ્રીએ રજુ કરેલ ચુકાદાઓ આ કેસમા લાગુ પાડી શકાય નહી.

**(૫૨)** વધુમા આરોપી નં.૧ અને ૩ ના વિ.વકીલશ્રી ઉપાધ્યાયનાઓએ દલીલ કરેલ છે કે પોલીસ સ્ટેશનમા સીસીટીવી કેમેરા હોવા છતાં તેના ફુટેજ રજુ કરવામા આવેલ નથી જે હકીકત ફરીયાદપક્ષના કેસની વિરુધ્ધ જાય છે.જેથી આરોપીઓને શંકાનો લાભ આપી છોડી મુકવા જોઈએ.એ વાત સાચી છે કે, આ કામમા સીસીટીવી ફુટેજ રજુ કરવામા આવેલ નથી.આ અંગે ત.ક.અધિકારીશ્રી વળવી ઉલટતપાસમા કબુલ કરેલ છે કે સી.ડી. એફ.એસ.એલ.મા ખરાઈ

કરવા માટે મોકલેલ નથી.આગળ જતા ઉલટતપાસમા સી.ડી.જે વ્યકિત પાસે તૈયાર કરાવરાવેલી તેનુ નિવેદન લીધેલ નથી.આ સવાલના જવાબમા ત.ક.અમલદાર જણાવે છે કે એ વાત ખરી છે.આ કબુલાતનો અર્થ એ થાય છે કે ફરીયાદપક્ષે સી.ડી.બનાવેલી.એવુ પણ બને કે સીસીટીવી કેમેરામા સી.ડી.મા તકનીકી કારણસર બનાવ અંગેના દ્રશ્યો રેકોર્ડીગ થયેલ ન હોવાથી ત.ક.અમલદારશ્રીએ સી.ડી.એફ.એસ.એલ.મા ખરાઈ અંગે મોકલેલ ન હોય.અહી પણ આરોપીના વિ.વકીલશ્રી ત.ક.અમલદારશ્રીને પુછેલ હોત કે સી.ડી.એફ.એસ.એલ.મા ખરાઈ માટે કેમ મોકલેલ નહી ? તો ત.ક.અમલદાર તે અંગે ખુલાસો કરત.તદઉપરાંત તપાસના કામે શું શું ભુલો અને ત્રુટિ રહેલ છે અને શું બેદરકારી દાખવેલ છે તે ઉપરથી ન્યાય નિર્ણય કરવાનો હોતો નથી.કોર્ટોએ તો પડેલ પુરાવા પરથી સત્ય શોધી કાઢવાનુ હોય છે.આ અંગે નામ.સુપ્રિમકોર્ટે સરસ મંતવ્ય આપેલ છે.નામ.સુપ્રિમકોર્ટે ઠરાવેલ છે કે, જેમ અનાજમાથી કાંકરા,ફોતરા કાઢી નાખવામા આવે છે તે રીતે કોર્ટે પડેલ પુરાવામાથી સત્યને તારવી લઈ ન્યાયિક નિર્ણય કરવો જોઈએ.નહી કે પાણીમાથી પોરા કાઢવા જોઈએ.આ સંજોગોમા આરોપીઓએ ગુનો કરેલ છે તેવો સચોટ પુરાવો હોવાથી ત.ક.અમલદારશ્રીએ સી.ડી. એફ.એસ.એલ.મા નહી મોકલી તેથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકાય નહી.તદઉપરાંત આ કેસમા સી.ડી.રજુ થયેલ ન હોવાથી સી.ડી.ઉપર આધાર રાખવામા આવેલ નથી.તેથી આરોપીના વિ.વકીલશ્રીએ રજુ કરેલ એ.આઈ.આર. ૨૦૧૫, પાના નં. ૧૮૦ પરના ચુકાદાથી આરોપીઓને કોઈ મદદ મળતી નથી.

**(૫૩)** વધુમા આરોપી નં.૧ અને ૩ ના વિ.વકીલશ્રી ઉપાધ્યાયનાઓએ દલીલ કરેલ છે કે ફરીયાદી બનાવ વખતે જાહેર સેવક તરીકેની ફરજ બજાવતા હતા તે વખતે તેઓને અડચણ કરવામા આવેલ તેવુ ફરીયાદી જણાવતા નથી.એ વાત સાચી છે કે ફરીયાદી જાહેર સેવક તરીકેની ફરજ બજાવતા હતા અને બનાવ બનેલો કે તેને અટકાવવામા આવેલ તેવો કેસ નથી.ઉપર કહયુ તેમ ફરીયાદી બનાવ વખતે જાહેર સેવક તરીકે ફરજ પર હતા તે વાત સાચી છે પરંતુ ફરીયાદી જાહેર સેવક તરીકે ફરજ બજાવતા અટકાવવા માટે આરોપીઓએ કોઈ કૃત્ય કે ગુનાહિત કૃત્ય કરેલ તેવો પુરાવો નથી.પુરાવો તો એવો છે કે આરોપીઓએ પી.એસ.ઓ. લકુમને જુગારના આરોપીઓને લોકઅપમાથી બહાર કાઢવાનુ કહેતા હતા અને ગાળો બોલતા હતા તેથી ફરીયાદીએ ગાળો બોલવાની ના પાડતા એટલે કે ગાળો બોલવા બાબતે વિરોધ કરતા આરોપીઓએ ફરીયાદીને સ્વૈચ્છાપુર્વક વ્યથા તેમજ મહાવ્યથા કરેલ છે.આરોપીઓએ પી.એસ.ઓ.ને જાહેર નોકર તરીકેની ફરજ બજાવતા અટકાવવા બાબતે કૃત્ય કરેલ તેવુ તહોમતનામુ ફરમાવેલ નથી.ઉપર કહયુ તેમ

આ કામમા ઈ.પી.કો.ક. ૩૩૨,૩૩૩,૩૫૩,૧૮૬ નો ગુનો બનતો નથી પરંતુ ઈ.પી.કો.ક. ૩૨૩,૩૨૫,૩૫૨ મુજબનો શિક્ષાપાત્ર ગુનો નિશઃકપણે પુરવાર થયેલ છે.

**(૫૪)** વધુમા વધુમા આરોપી નં.૨ ના વિ.વકીલશ્રી જાનીએ દલીલ કરેલ છે કે હાલના આરોપીઓ વિરુધ્ધ જુગારધારાના કેસમા ભાગી ગયેલાની શંકા હોવાથી પોલીસે રાત્રીના આઠ વાગ્યે હાલના આરોપીઓને પોલીસ સ્ટેશનમા બોલાવેલા અને ગુનો કબુલ કરી લેવા આરોપીઓને જણાવેલ પરંતુ આરોપીઓએ ગુનો કબુલ કરવાનો વિરોધ કરી પોલીસ સ્ટેશન છોડીને જતા રહેલ.તેથી આ કામનો ખોટો બનાવ ઉભો કરેલ છે અને આરોપીઓને ઘેરથી પકડી લાવી અને આખો બનાવ બનાવી ખોટી ફરીયાદ કરી ખોટા આક્ષેપ કરેલ છે.જેથી આખો બનાવ શંકાસ્પદ હોય આરોપીઓને શંકાનો લાભ આપી છોડી મુકવા અરજ કરેલ છે.આ લેખીત દલીલ આંક–૭૧ ના પેરા ૫ ઉપરથી બચાવપક્ષે કબુલ કરેલ છે કે આરોપીઓ બનાવના દિવસે રાત્રીએ ૮ વાગે પોલીસ સ્ટેશને ગયેલા.જો પોલીસ હાલના આરોપીઓને જુગારના કેસમા ભાગી ગયેલાનુ માનતી હોય તો ગુનો કબુલ કરવાનો નહી રહે પરંતુ તાત્કાલીક ધરપકડ કરી લે.પરંતુ આરોપીઓએ ગાળો બોલી પોલીસ સ્ટેશનથી જતા રહેલ.તેનુ કારણ ઉપર જણાવ્યા પ્રમાણે તે વખતે પી.એસ.આઈ. તથા પોલીસના માણસોની હાજરી હોવાથી આરોપીઓ જતા રહેલ છે.બીજી દલીલ એવી છે કે આરોપીઓને ઘેરથી બોલાવી હાલના ખોટા ગુનામા અટક કરવામા આવેલ છે.પરંતુ બચાવપક્ષે એક પણ સાક્ષીની ઉલટતપાસમા આરોપીઓને ઘરેથી બોલાવી હાલના કેસમા અટક કરવામા આવેલ છે તેવી તકરાર કે ડિફેન્સ લીધેલ નથી.ઉલ્ટાનુ બચાવપક્ષે ફરીયાદીની ઉલટતપાસમા કબુલ કરેલ છે કે આરોપીઓ ૧૧ વાગે આવ્યા હતા.આરોપીઓને ઘેરથી બોલાવ્યા હતા તેવો બચાવપક્ષનો કેસ જ નથી.તેથી આરોપીઓને આ ગુનામા ખોટી રીતે ફસાવવામા આવેલ તેવી દલીલ ગ્રાહય રાખી શકાય નહી.આ અંગે આરોપીઓના વિ.વકીલશ્રી જાનીએ એ.આઈ.આર. ૧૯૯૨ ના પાના નં. ૧૮૭૧ પર આધાર રાખેલ છે પરંતુ મારી પાસેના કેસની હકીકત જુદી હોય તે અંગે ઉપર કારણો જણાવવામા આવેલ છે.તેથી સદર ચુકાદો મારી પાસેના કેસને લાગુ પડતો નથી.

**(૫૫)** વધુમા આરોપી નં.૨ ના વિ.વકીલશ્રી જાનીએ દલીલ કરેલ છે કે બનાવ વખતે બીજા પોલીસ કર્મચારીઓ હાજર હોય તો વચ્ચે છોડાવવા પડે.તેઓને પણ સામાન્ય ઈજા થાય કે કપડા ફાટે.તેઓએ માત્ર બનાવ નજરે જોયેલ છે.તેઓ કોર્ટમા જણાવે તેથી તેમની જુબાની માની શકાય

નહી.બનાવ એટલી ઝડપથી બનેલ છે કે આરોપીઓ એકદમ ઉશ્કેરાઈ ફરીયાદી ઉપર હુમલો કરી માર મારેલ છે.આ સંજોગોમા બીજા પોલીસ કર્મચારીઓ છોડાવવા વચ્ચે પડે તેથી તેમને ઈજા થાય કે કપડા ફાટે જ તેવુ માની શકાય નહી.તેથી બીજા સાહેદો હાજર ન હતા અને તેઓએ બનાવ નજરે જોયેલ નથી તેવી આરોપીના વિ.વકીલશ્રીની દલીલ સ્વીકારી શકાય નહી.

**(૫૬)** વધુમા આરોપી નં.૨ ના વિ.વકીલશ્રી જાનીએ જી.એલ.એચ. ૨૦૧૧(૨),પાના નં.૨૯૬ તથા એ.સી.આર. ૨૦૦૯ ના પાના નં.૧૯૪ પર આધાર રાખી દલીલ કરેલ છે કે મારી સમક્ષના કેસમા નજરે જોનાર સાહેદોનો પુરાવો એકબીજાથી વિરોધાભાસી હોય માની શકાય નહી.તેથી આરોપીઓને છોડી મુકવા વિનંતી કરેલ છે.પરંતુ મારી સમક્ષના કેસમા ફરીયાદી તથા નજરે જોનાર સાહેદો તથા ડોકટરશ્રીનો સોગંદ પરનો પુરાવો ફરીયાદપક્ષના કેસ સાથે સુસંગત, વિશ્વસનિય અને માનવાલાયક છે.જેથી ટાંકેલા ચુકાદા મારી પાસેના કેસમા મદદકર્તા નથી.જેથી આરોપીના વિ.વકીલશ્રીની તે દલીલ સ્વીકારી શકાય નહી.

**(૫૭)** વધુમા આરોપી નં.૨ ના વિ.વકીલશ્રી જાનીએ દલીલ કરેલ છે કે ફરીયાદી આરોપીઓને મારવા જતા ટેબલ ઉપર પડી જતા થયેલ ઈજા અંગે કોઈ તપાસ કરેલ નથી અને ખોટો કેસ કરેલ છે.તેથી આરોપીઓને શંકાનો લાભ આપી છોડી મુકવા જોઈએ અને આ અંગે આરોપીઓના વિ.વકીલશ્રીએ એસ.એ.આર. ૨૦૧૪ ના પાના નં. ૭૭૬ પરના ચુકાદા પર આધાર રાખેલ છે.વધુમા વિ.વકીલશ્રીએ દલીલ કરેલ છે કે જો આરોપીઓએ ફરીયાદીને નખ માર્યા હોય તો તે નખ એફ.એસ.એલ.મા મોકલવા જોઈએ.પરંતુ મોકલેલ નથી જેથી આરોપીઓને છોડી મુકવા જોઈએ.આરોપીના વિ.વકીલશ્રીની ઉપરોકત દલીલ સ્વીકારી શકાય તેમ નથી.આરોપીઓનો બચાવ ફરીયાદીની ઉલટતપાસમા એવો છે કે ફરીયાદી આરોપીઓને મારવા જતા પડી જવાથી ટેબલ વાગવાથી ફરીયાદીને છાતીના ભાગે ઈજા થયેલી.બીજો બચાવ એવો છે કે ફરીયાદી બનાવના અરસામા મોટરસાયકલ સ્લીપ થઈ ગયેલ તે કારણે ઈજા થયેલ છે.આરોપીનો ત્રીજો બચાવ એવો છે કે બનાવના ત્રણ ચાર દિવસ પહેલા ફરીયાદી બાઈક ઉપરથી સ્લીપ ખાઈ ગયેલા અને મોઢાના ભાગે ઈજા થયેલી.આ અંગે ડો.સંગીતાપ્રસાદ ઉલટતપાસમા સ્પષ્ટપણે ઈન્કાર કરી જણાવે છે કે જો કોઈ વ્યકિત ધકકા મુકકીમા પડી જાય અથવા તો ટેબલનો ખૂણો વાગે તો ફેકચર જેવી ઈજા થાય નહી.તદઉપરાંત ફરીયાદીને મોઢા ઉપર ઈજાઓનુ ડોકટરશ્રી જણાવતા નથી.જો ફરીયાદીને બનાવના અરસામા

ત્રણ ચાર દિવસ અગાઉ ઈજા થઈ હોય તો ડોકટર ઈજા તાજી હતી તેવુ જણાવે નહી.તેથી બનાવ વખતે આરોપીઓએ ઈજા કરેલ નથી તેવો બચાવ માની શકાય નહી.

**(૫૮)** વધુમા આરોપી નં.૨ ના વિ.વકીલશ્રી જાનીએ દલીલ કરેલ છે કે ફરીયાદીને નખોરીયા માર્યા અંગેની ઈજા ડોકટરશ્રી જણાવે છે પરંતુ નખોરીયા માર્યા અંગે ફરીયાદી જણાવતા નથી તેથી ફરીયાદીનો કેસ માની શકાય તેવો નથી અને આરોપીઓને છોડી મુકવા વિનંતી કરેલ છે.ફરીયાદીને જે શરીરના ભાગે ઉઝરડા થયેલાના નિશાન છે, નખોરીયા માર્યાના ઉઝરડા છે તે સામાન્ય ઈજા છે.જયારે અસિથભંગ મહાવ્યથા છે.જેથી જયારે ગંભીર ઈજા થયેલ હોય ત્યારે સામાન્ય રીતે ઈજા પામનારને મુખ્ય ગંભીર ઈજા જ યાદ રહે.જેથી ફરીયાદીને નખોરીયા આરોપીઓએ કરેલ છે તેવુ પુરાવામા જણાવેલ ન હોય તેથી આરોપીઓએ ફરીયાદીને નખોરીયા મારી ઈજા કરેલ નથી તેવુ માની શકાય નહી.તેમ માનવાનુ કારણ એ છે કે ઈજા તાજી હતી.ડોકટરશ્રી જણાવે છે કે નખ માર્યાની ઈજા વ્યકિત જાતે કરી શકે નહી. તેથી નખ એફ.એસ.એલ.મા મોકલ્યા નહી હોય .તેથી રજુ થયેલ સાચો પુરાવો માનવો નહી તેવો કાયદાનો સિંઘ્ધાત નથી. તદઉપરાંત નખ એ હથીયાર નથી.આ સંજોગોમા નખ એફ.એસ.એલ.મા નહી મોકલ્યા તે સ્વાભાવિક છે.ટાંકેલા ચુકાદામા હેડ નોટ **જી** મા જણાવેલ હકીકત અને મારી સમક્ષના કેસની હકીકત અલગ હોય ટાંકેલો કેસ આ કેસને મદદરુપ નથી.

**(૫૯)** વધુમા આરોપી નં.૨ તરફે દલીલમા રજુઆત કરેલ છે કે, જે સી.ડી.રજુ કરેલ છે તે પુરાવામા વંચાણે લઈ શકાય નહી કારણ કે પુરાવાના કાયદાની કલમ ૬૫(બી) ના તત્વો સંતોષતા નથી.તદઉપરાંત સી.ડી.નુ એફ.એસ.એલ.મા પૃથ્થકરણ કરાવેલ નથી.જેથી તે સી.ડી. સાથે ચેંડા કર્યાનો સંભવ છે અને તે દલીલના સમર્થનમા એ.આઈ.આર.૨૦૧૫, નામ.સુપ્રિમકોર્ટ, પાના નં.૧૮૦, અનવર પી.વી. વિરુઘ્ધ બી.કે.બશીર અને બીજાઓનો ચુકાદો રજુ કરેલ છે.આ કામે ફરીયાદપક્ષનો પુરાવો ઘ્યાને લેતા ફરીયાદપક્ષ તરફે સી.ડી.રજુ કરવામા આવેલ નથી.જેથી સી.ડી.પુરાવામા વંચાણે લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો ન હોય આરોપીઓ તરફેની દલીલ ગ્રાહય રાખવામા આવે છે.

<u>**મુદદા નં. ૮ અને ૯**</u>

**(૬૦)** આ કામે ફરીયાદી સોગંદ ઉપરની જુબાનીમા જણાવે છે કે આરોપીઓએ ઉશ્કેરાઈ જઈ ગાળો બોલવા લાગેલા.આ હકીકતને સાહેદ પંકજભાઈ તથા ભુપતભાઈ,દલસુખભાઈ વિગેરેની જુબાનીથી સમર્થન મળે છે પરંતુ આરોપીઓ શું ગાળના શબ્દો બોલેલા તે જણાવતા નથી એટલે કે આ કામમા ગાળોના શબ્દોનો પુરાવો નથી.નામ.ગુજરાત હાઈકોર્ટના જજમેન્ટ મુજબ જો ગાળોના શબ્દોનો પુરાવો નહી હોય તો તે અંગેનો ગુનો પુરવાર થયેલ માની શકાય નહી.તદઉપરાંત ફરીયાદી કે કોઈ સાક્ષી આરોપીઓ અશ્લીલ શબ્દો બોલેલા એટલે કે અશ્લીલ શબ્દોનો પણ પુરાવો નથી.તેથી આરોપીઓએ ફરીયાદીને બિભત્સ ગાળો બોલી અપમાનીત કરેલ તથા અશ્લીલ શબ્દો ઉચ્ચારેલ તેમ ફરીયાદપક્ષ પુરવાર કરવામા સદંતર નિષ્ફળ નિવડેલ છે.

**(૬૧)** પ્રસ્તુત કામે ફરીયાદી કે સાહેદ ખરેખર શું ગાળો બોલેલા, શું શબ્દો ઉચ્ચારેલા,તે વપરાયેલા,ઉચ્ચારેલા ગાળો ફરીયાદી કે સાહેદો તેમજ ગાળોમા શું શબ્દો ઉચ્ચારેલા તે હકીકત મૌખિક પુરાવામા જણાવેલ નથી.

**(૬૨)** આ કામે ફરીયાદી સોગંદ ઉપરની જુબાનીમા જણાવે છે કે આરોપીઓએ તેને મોચીવાડમા આવ તને છરીના ઘોદા મારી તને મારી નાખવો છે તેમ બોલેલા. જયારે સાહેદ પંકજભાઈ તથા ભુપતભાઈ તથા દલસુખભાઈ તથા નિકુલસિંહ સોગંદ પરની જુબાનીમા જણાવે છે કે આરોપીઓએ ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપેલી.આ મહત્વનો વિરોધાભાસ છે.જો આરોપીઓએ ફરીયાદીને " મોચીવાડ આવ તને છરીના ઘોદા મારી મારી નાખવો છે " આવુ બોલેલ હોય તો સાહેદોના મગજમા આ શબ્દો જડાઈ જાય.આ સંજોગોમા ફરીયાદીના કથનને સાહેદોના કથનથી સમર્થન મળતુ નથી.જેથી શંકા ઉપસ્થિત થાય છે.જેથી શંકાનો લાભ આરોપીઓને આપવાથી ન્યાયનો હેતુ સરશે તેવુ માની મુદદા નં. ૯ ફરીયાદપક્ષ પુરવાર કરવામા નિષ્ફળ નિવડેલ છે જેથી મુદદા નં.૯ નો નિર્ણય નકારમા ઠરાવુ છુ.

**(૬૩)** વધુમા પ્રસ્તુત કેસમા આરોપીઓ તરફે ૨૦૦૭(૧),જી.એલ.એચ. પાના નં. ૩૩૭,પ્ર વિણભાઈ બેચરભાઈ વણકર અને બીજાઓ વિરુઘ્ઘ સ્ટેટ ઓફ ગુજરાત પર આધાર રાખેલ છે.સદર ચુકાદામા નામ.ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે, ઈન્ડિયન પીનલ કોડની કલમ ૫૦૪ અને ૫૦૬(૨) મુજબ શિક્ષાને પાત્ર ગુના માટે આરોપીઓ દવારા વપરાયેલા અસલ શબ્દો રેકર્ડ પર આવવા જોઈએ.જયાં સુધી તેરેકર્ડ પર આવે નહી ત્યાં સુધી એવુ ઠરાવવુ શકય નથી કે ગુનો

આચરવામા આવ્યો છે. વધુમા સદરહુ કલમ ૫૦૪ મા મુખ્ય તત્વો મુજબ અપમાનપાત્ર ઈરાદાપુર્વકનુ જ નહી પરંતુ અપમાનીત વ્યકિતને જાહેર શાંતીનો ભંગ કરવા અથવા અન્ય ગુનો કરવા ઉશ્કેરણી કરતુ હોવુ જોઈએ. તે જ રીતે કલમ ૫૦૬ મા દર્શાવ્યા મુજબ ગુનાહિત ધમકીએ આવી ધમકી અપાવેલી વ્યકિતના મનમા ગભરાટ,ભય ઉભો કરતી હોવી જોઈએ.ગાળો બોલવાની હકીકત મૌખિક પુરાવામા મોઘમ રીતે જણાવેલ છે.આરોપીઓએ ખરેખર શું શબ્દો ઉચ્ચારેલા તે ફરીયાદપક્ષે ફરીયાદ કે મૌખિક પુરાવામા જણાવેલ નથી.કલમ ૫૦૪ નો ગુનો સાબિત કરવા માટે આરોપીઓ દવારા વપરાયેલા અસલ શબ્દો રેકર્ડ ઉપર લાવવા ફરીયાદપક્ષ માટે ખુબ જ જરુરી અને આવશ્યક છે.જયાં સુધી ફરીયાદપક્ષ બનાવ વખતે ઉચ્ચારેલ વણવપરાયેલા બિભત્સ શબ્દો રેકર્ડ પર આવે નહી ત્યાં સુધી એવુ ઠરાવવુ શકય નથી કે ઈન્ડિયન પિનલ કોડની કલમ ૫૦૪ મુજબના ગુના માટે બિભત્સ ગાળો અપમાન માત્ર ઈરાદાપુર્વકનુ જ નહી પરંતુ અપમાનીત વ્યકિતને જાહેર સુલેહ શાંતીનો ભંગ કરવા અથવા અન્ય ગુનો કરવા ઉશ્કેરણી કરતુ હોવુ જોઈએ.

**(૬૪)** વધુમા આ સંદર્ભે નામ.ગુજરાત હાઈકોર્ટના ચુકાદા એ.બી.વટાલીયા (પી.એસ.આઈ.) વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત અને બીજાઓ ,૨૦૧૧(૩), જી.એલ.આર. પાના નં.૨૫૫૭ ના ચુકાદામા નામ.ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે ઈન્ડિયન પિનલ કોડની કલમ ૫૦૪ મુજબનો ગુનો સાબિત કરવા માટે ફરીયાદીએ ફરીયાદમા આરોપી દવારા ઉચચારેલા ચોકકસ શબ્દો ટાંકવા જ જોઈએ.આમ ઉપરોકત બન્ને ચુકાદાઓમા પ્રસ્થાપિત ન્યાયિક સિંઘ્ધાતો સાથે અત્રેની કોર્ટ વિન્ર મપણે સમંત થાય છે.બન્ને ચુકાદાઓ મદદરુપ છે.ફરીયાદપક્ષ તરફે રજુ  થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાનુ સમગ્રપણે મુલ્યાંકન કરતા ઈન્ડિયન પિનલ કોડની કલમ ૫૦૪ મુજબનો ગુનો ઉપર ચર્ચા કર્યા મુજબ ફરીયાદપક્ષ શંકાથી પર પુરવાર કરવામા નિષ્ફળ ગયેલ છે.જેથી ઉપરોકત ચર્ચાને આધારે મુદદા નં. ૮ અને ૯ નો નિર્ણય નકારમા ઠરાવુ છુ.

**(૬૫)** આમ  ઉપરોકત ચર્ચા કર્યા મુજબ સમગ્ર પુરાવાનુ ઝીણવટભરી રીતે મુલ્યાંકન કરતા આ કામના ફરીયાદપક્ષ તહોમતનામામા જણાવ્યા મુજબ આરોપીઓ વિરુધ્ધ ભારતીય દંડસંહિતા ૧૮૬૦ ની કલમ ૩૩૨,૩૩૩,૩૫૩,૧૮૬ મુજબનો શિક્ષાપાત્ર ગુનો પુરવાર કરેલ નથી પરંતુ ભારતીય દંડ પ્રક્રિયા સંહિતાની કલમ ૨૨૨ ની જોગવાઈ પ્રમાણે આરોપીઓ વિરુધ્ધ ફરીયાદપક્ષે  ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ની કલમ ૩૨૩,૩૨૫,૩૫૨ મુજબનો ગુનો કરેલાનુ

નિશઃકપણે પુરવાર કરેલ છે.જેથી ઉપરોકત કાયદાની જોગવાઈ ધ્યાને લઈ આરોપીઓને ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ની કલમ ૩૨૩,૩૨૫,૩૫૨ મુજબના ગુનામા તકસીરવાર ઠરાવવામા આવે છે અન તેથી છેવટે નિર્ણય નીચે મુજબ ઠરાવુ છુ.

**૧.** ધ્રાંગધ્રા સીટી પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં. ૬૪/૨૦૧૬ થી નોંધાયેલ ગુનાના કામના આરોપી (૧) રજનીકાંત ઉર્ફે ટીનો કેશવલાલ વાણીયા (૨) ભોલો ઉર્ફે રમેશભાઈ અમરશીભાઈ રાઠોડ (૩) મુકેશભાઈ ઉર્ફે ઉપેન્દ્ર પરસોતમભાઈ પરમાર, રહે.ધ્રાંગધ્રા, જિ.સુરેન્દ્રનગરનાઓને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૨૩૫(૨) અન્વયે ભારતીય દંડસંહિતાની કલમ ૩૨૩,૩૨૫,૩૫૨,૧૧૪ મુજબના ગુનામા તકસીરવાન ઠરાવવામા આવે છે.

**૨.** જયારે ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૬, ૩૫૩, ૩૩૨, ૩૩૩, ૪૭૭, ૨૯૪(ખ), ૪૨૭, ૫૦૪, ૫૦૬(૨),૧૧૪ મુજબના ગુનામાથી તમામ આરોપીઓને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૨૩૫(૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવામા આવે છે.

**૩.** આ કામે કબજે કરેલ મુદામાલ અપીલ સમય વિત્યેથી ક્રિમિનલ મેન્યુઅલ મુજબ નાશ કરવાનો હુકમ કરવામા આવે છે.

**૪.** આરોપીઓને સજા અંગે સાંભળ્યા બાદ સજા અંગે હુકમ કરવામા આવશે.

આરોપીઓને સજા અંગે સાંભળવા માટે કામ મુલત્વી.

હુકમ આજરોજ તા. ૨૯ મી માહે નવેમ્બર,સને.૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

**(સવાઈસિંહ એમ.રાજપુરોહિત)**
**તા.૨૯/૧૧/૧૮** **જીજે૦૦૫૪૪**
**સ્થળ:ધ્રાંગધ્રા** **બીજા એડિશનલ સેશન્સ જજ**
**ધ્રાંગધ્રા**

**(૬૬)** આ કામે આરોપીઓના વિ.વકીલશ્રીઓને સજા વિષે પુછતા તેઓ જણાવે છે કે તેઓ યુવાન વયના છે અને મજુરી અને રીક્ષા ચલાવી પોતાના પરીવારનુ ગુજરાન ચલાવે છે.તેઓનો પ્રથમ ગુનો હોય અને આરોપીઓની આર્થિક સ્થિતી ધ્યાને લઈ તેઓને હળવામા હળવી સજા કરવા ભારપુર્વક વિનંતી કરેલ છે.

**(૬૭)** આ કામે ફરીયાદપક્ષે વિ.એપીપીશ્રી વી.એચ.ભટ્ટનાઓએ આરોપીઓને સજા વિષે દલીલમા જણાવે છે કે આરોપીઓ વિરુધ્ધ ગુનો સાબિત થયેલ છે અને આરોપીઓએ કાયદો હાથમા લઈ બનાવના દિવસે પોલીસ સ્ટેશને જઈ એક સામાન્ય માણસને નહી છાજે તે રીતે

સરકારી કર્મચારીને પોલીસ સ્ટેશનમા જઈને એકબીજાની મદદગારી કરી ઢીકાપાટુનો માર મારી અસ્થિભંગ કરેલ છે.જેથી મહતમ સજા કરવા વિનંતી કરેલ છે.

**(૬૮)** આ કામે આરોપીઓને સજા બાબતે સાંભળ્યા.આરોપીઓના વિ.વકીલશ્રીઓને સાંભળ્યા.સજાના કોન્ટમ વિષે એ.આઈ.આર.૧૯૭૩,નામ.સુપ્રિમકોર્ટ, પાના નં. ૨૨૦૦ ઉપર પ્રસિધ્ધ વાઘમારે વિરુધ્ધ સ્ટેટ ઓફ ઉત્તર પ્રદેશના નામ.સર્વોચ્ચ અદાલતે માર્ગદર્શક સિંધ્ધાતો પ્રસ્થાપિત કરેલ છે અને ચુકાદામા માર્ગદર્શન આપવામા આવેલ છે.સજા કરતી વખતે ગુનાનો પ્રકાર,ગુનાની ગંભીરતા,ગુનો કઈ રીતે થયેલ છે.તે રીતે આરોપીઓની ઉમંર, સમાજ ઉપર પડનાર પ્રભાવ અને સંજોગો અદાલત દવારા ધ્યાનમા લેવાના હોય છે.ચાર્જશીટ જોતા આરોપીઓ યુવાન વયના છે અને કેસની હકીકત જોતા આ કેસમા ફરીયાદી ગૌતમભાઈ ભાવસાર બનાવ વખતે ૫૪ વર્ષની ઉમંરના હતા.બનાવ વખતે જુગારના આરોપીઓ લોકઅપમા હતા અને હાલના આરોપીઓ જુગારના આરોપીઓની તપાસ ચાલુ હોવા છતાં તેઓ પોલીસ સ્ટેશનના પી.એસ.ઓ. પાસે જુગારના આરોપીઓને છોડાવવા માટે ગેરકાયદેસર માંગણી કરેલ અને પી.એસ.ઓ.એ તેમની ગેરકાયદેસર માગંણી સંતોષવાની ના પાડતા હાલના આરોપીઓએ પોલીસ સ્ટેશન એટલે કે જાહેર કચેરીમા ગાળો આપવા લાગેલ.તેથી ફરીયાદી ગૌતમભાઈ ભાવસારે તેઓને સમજાવી ગાળો બોલવાની ના પાડતા આરોપીઓએ પોતાની ગેરકાયદેસર માંગણી માટે અને ફરીયાદીએ ગાળો બોલવા સામે વિરોધ કરતા આ કામના આરોપીઓએ ફરીયાદી ઉપર ગુનાહિત હુમલો કરી ફરીયાદીને છાતીમા ગંભીર ઈજા એટલે અસ્થિભંગ કરેલ.તેથી ગુનાની ગંભીરતા ખુબ જ વધી જાય છે. હાલના સમયમા પોલીસ તેમની કાયદેસરની સમાજમા શાંતી જાળવવા માટે તેમજ લોકોના આંતરીક રક્ષણ માટે ફરજ બજાવતા હોય અને સમાજમા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જાળવતા હોય ત્યારે લોકો કાયદો હાથમા લઈ ગેરકાયદેસર મંડળી રચી અને પોલીસ ઉપર હુમલો કરવાના બનાવ બનતા હોય છે.કાયદામા પોલીસ અધિકારી,કર્મચારીઓ તેમની કાયદેસરની ફરજમા અટકાવ,અવરોધ કરવા માટે ભારતીય ફોજદારી અધિનિયમમા જોગવાઈ હોવા છતાં આવા પ્રકારના ગુનાનુ પુનરાવર્તન જોવા મળે છે અને હાલના આરોપીઓ પણ પોતાની ગેરકાયદેસર માંગણી સંતોષવા માટે પોલીસ સ્ટેશનમા જઈ કાયદાની ધજીયા ઉડાવી કાયદો હાથમા લઈ પોલીસનુ મનોબળ તુટે તે રીતે તેઓએ ગુનાહિત કૃત્ય કરેલ છે.તેથી આવા કેસમા સખતમા સખત સજા કરવામા નહી આવે તો પોલીસ કર્મચારી પોતાની કાયદેસરની ફરજમા સમાજના લોકોનુ રક્ષણ તથા સમાજમા

શાંતી જાળવવાની ફરજમા નિષ્ફળ જશે.કહેવત છે કે ભય બિન પ્રિત નહી.તેથી મારા મત મુજબ કોર્ટે આવા ગંભીર કેસમા અને આરોપીઓ વિરુધ્ધ જયારે ફરીયાદપક્ષે ભારતીય દંડસંહિતાની કલમ ૩૨૩,૩૨૫,૩૫૨ મુજબનો ગુનો શંકાથી ૫ર પુરવાર કરેલ હોય ત્યારે આવા આરોપીઓને તેમના ગુનાહિત કૃત્યમા આરોપીઓને ભય લાગે તેવુ કડક વલણ કોર્ટનુ હોવુ જોઈએ.જેથી ભવિષ્યમા પણ પોલીસ કર્મચારી પોતાની ફરજ નિર્ભિકપણે સમાજના રક્ષણ અને આંતરીક શાંતી જાળવવા માટે કરતા રહે અને તે રીતે કોર્ટ ઉપર પણ સમાજમા અને આંતરીક શાંતી જળવાઈ રહે તે માટેની જવાબદારી છે.લોકોને પણ કોર્ટ પાસે મોટી અપેક્ષા હોય. તે અપેક્ષામા કોર્ટે ખરુ ઉતરવુ જોઈએ.આ સંજોગોમા આરોપી જયારે પોતાની ગેરકાયદેસરની માંગણી સંતોષવા માટે પોલીસ સ્ટેશનમા રાત્રીના સમયે પી.એસ.ઓ.ને જુગારધારામા અટકમા લીધેલ આરોપીઓને ગેરકાયદેસર રીતે છોડવા માટે ગાળો બોલી ધાકધમકી આપી અને તે વખતે હાલના ફરીયાદીએ તેઓને સમજાવવા જતા અને ગાળો બોલવાની ના પાડતા આરોપીઓએ એકબીજાની મદદગારીમા ફરીયાદીને ઢીકાપાટુનો માર મારી સ્વૈચ્છાએ સાદી અને ગંભીર વ્યથા કરી ગંભીર ગુનો આચરેલ છે.જેથી આરોપીઓને હળવી સજા કરવા અથવા પરીવીક્ષાનો લાભ આપવા માટેનો આ કેસ નથી.જેથી સમાજમા દાખલો બેસે અને આવા પ્રકારના ગુનાનુ પુનરાવર્તન કે તે માટે આરોપીઓને સખતમા સખત કેદની સજા કરવાથી ન્યાયનો હેતુ સરશે અને લોકોને ન્યાયતંત્ર ઉપર વિશ્વાસ ટકી રહેશે.જેથી ન્યાયના વિશાળ હિતમા નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

## <u>હુ ક મ</u>

**૧.** આ કામના આરોપી (૧) રજનીકાંત ઉર્ફે ટીનો કેશવલાલ વાણીયા રહે.ધ્રાંગધ્રા,જિ.સુરેન્દ્રનગરનાઓને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૨૩૫(૨) અન્વયે ભારતીય દંડસંહિતાની કલમ ૩૨૩,સાથે વાંચતા કલમ ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામા તકસીરવાન ઠરાવવામા આવે છે અને આરોપીને ૧(એક) વર્ષની સખત કેદની શિક્ષા તેમજ રુા. ૧,૦૦૦/–(અંકે રુપિયા એક હજાર પુરા) દંડ ફરમાવવામા આવે છે, જો આરોપી દંડ ના ભરે તો વધુ એક માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામા આવે છે.

**૨.** આ કામના આરોપી (૧) રજનીકાંત ઉર્ફે ટીનો કેશવલાલ વાણીયા રહે.ધ્રાંગધ્રા,જિ.સુરેન્દ્રનગરનાઓને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૨૩૫(૨) અન્વયે ભારતીય દંડસંહિતાની કલમ ૩૨૫ સાથે વાંચતા કલમ ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામા તકસીરવાન

ઠરાવવામા આવે છે અને આરોપીને ૭ (સાત) વર્ષની સખત કેદની શિક્ષા તેમજ રૂા. ૫,૦૦૦/–(અંકે રુપિયા પાંચ હજાર પુરા) દંડ ફરમાવવામા આવે છે, જો આરોપી દંડ ના ભરે તો વધુ ત્રણ માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામા આવે છે.

**૩.** આ કામના આરોપી (૧) રજનીકાંત ઉર્ફે ટીનો કેશવલાલ વાણીયા રહે.ધ્રાંગધ્રા,જિ.સુરેન્દ્રનગરનાઓને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૨૩૫(૨) અન્વયે ભારતીય દંડસંહિતાની કલમ ૩૫૨,સાથે વાંચતા કલમ ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામા તકસીરવાન ઠરાવવામા આવે છે અને આરોપીને ૩ માસની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કરવામા આવે છે.

**૪.** આ કામના આરોપી (૨) ભોલો ઉર્ફે રમેશ અમરશીભાઈ રાઠોડ રહે.ધ્રાંગધ્રા,જિ.સુરેન્દ્રનગરનાઓને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૨૩૫(૨) અન્વયે ભારતીય દંડસંહિતાની કલમ ૩૨૩,સાથે વાંચતા કલમ ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામા તકસીરવાન ઠરાવવામા આવે છે અને આરોપીને ૧(એક) વર્ષની સખત કેદની શિક્ષા તેમજ રૂા. ૧,૦૦૦/–(અંકે રુપિયા એક હજાર પુરા) દંડ ફરમાવવામા આવે છે, જો આરોપી દંડ ના ભરે તો વધુ એક માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામા આવે છે.

**૫.** આ કામના આરોપી (૨) ભોલો ઉર્ફે રમેશ અમરશીભાઈ રાઠોડ રહે.ધ્રાંગધ્રા,જિ.સુરેન્દ્રનગરનાઓને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૨૩૫(૨) અન્વયે ભારતીય દંડસંહિતાની કલમ ૩૨૫ સાથે વાંચતા કલમ ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામા તકસીરવાન ઠરાવવામા આવે છે અને આરોપીને ૭ (સાત) વર્ષની સખત કેદની શિક્ષા તેમજ રૂા. ૫,૦૦૦/–(અંકે રુપિયા પાંચ હજાર પુરા) દંડ ફરમાવવામા આવે છે, જો આરોપી દંડ ના ભરે તો વધુ ત્રણ માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામા આવે છે.

**૬.** આ કામના આરોપી (૨) ભોલો ઉર્ફે રમેશ અમરશીભાઈ રાઠોડ રહે.ધ્રાંગધ્રા,જિ.સુરેન્દ્રનગરનાઓને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૨૩૫(૨) અન્વયે ભારતીય દંડસંહિતાની કલમ ૩૫૨,સાથે વાંચતા કલમ ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામા તકસીરવાન ઠરાવવામા આવે છે અને આરોપીને ૩ માસની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કરવામા આવે છે.

**૭.** આ કામના આરોપી (૩) મુકેશભાઈ ઉર્ફે ઉપેન્દ્ર પરસોતમભાઈ પરમાર રહે.ધ્રાંગધ્રા,જિ.સુરેન્દ્રનગરનાઓને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૨૩૫(૨) અન્વયે ભારતીય દંડસંહિતાની કલમ ૩૨૩,સાથે વાંચતા કલમ ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામા તકસીરવાન

ઠરાવવામા આવે છે અને આરોપીને ૧(એક) વર્ષની સખત કેદની શિક્ષા તેમજ રૂા. ૧,૦૦૦/–(અંકે રુપિયા એક હજાર પુરા) દંડ ફરમાવવામા આવે છે, જો આરોપી દંડ ના ભરે તો વધુ એક માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામા આવે છે.

૮. આ કામના આરોપી (૩) મુકેશભાઈ ઉર્ફે ઉપેન્દ્ર પરસોતમભાઈ પરમાર રહે.ધ્રાંગધ્રા,જિ.સુરેન્દ્રનગરનાઓને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૨૩૫(૨) અન્વયે ભારતીય દંડસંહિતાની કલમ ૩૨૫ સાથે વાંચતા કલમ ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામા તકસીરવાન ઠરાવવામા આવે છે અને આરોપીને ૭ (સાત) વર્ષની સખત કેદની શિક્ષા તેમજ રૂા. ૫,૦૦૦/–(અંકે રુપિયા પાંચ હજાર પુરા) દંડ ફરમાવવામા આવે છે, જો આરોપી દંડ ના ભરે તો વધુ ત્રણ માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામા આવે છે.

૯. આ કામના આરોપી (૩) મુકેશભાઈ ઉર્ફે ઉપેન્દ્ર પરસોતમભાઈ પરમાર રહે.ધ્રાંગધ્રા,જિ.સુરેન્દ્રનગરનાઓને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૨૩૫(૨) અન્વયે ભારતીય દંડસંહિતાની કલમ ૩૫૨,સાથે વાંચતા કલમ ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામા તકસીરવાન ઠરાવવામા આવે છે અને આરોપીને ૩ માસની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કરવામા આવે છે.

**૧૦.** આ કામના આરોપી (૧) રજનીકાંત ઉર્ફે ટીનો કેશવલાલ વાણીયા (૨) ભોલો ઉર્ફે રમેશભાઈ અમરશીભાઈ રાઠોડ (૩) મુકેશભાઈ ઉર્ફે ઉપેન્દ્ર પરસોતમભાઈ પરમાર, રહે.ધ્રાંગધ્રા,જિ.સુરેન્દ્રનગરનાઓને ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૬, ૩૫૩, ૩૩૨, ૩૩૩, ૪૭૭, ૨૯૪(ખ), ૪૨૭, ૫૦૪, ૫૦૬(૨),૧૧૪ મુજબના ગુનામાથી ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૨૩૫(૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવામા આવે છે.

**૧૧.** આ કામે આરોપીઓ જે દંડની રકમ જમા કરાવે તે પૈકી રુા. ૧૦,૦૦૦/– (અંકે રુપિયા દશ હજાર) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ ૩૫૭(ખ) મુજબ ફરીયાદી ભોગ બનનારને વળતર પેટે ચુકવી આપવાનો હુકમ કરવામા આવે છે.

**૧૨.** આરોપીઓએ ઉપરોકત સજાઓ એકીસાથે ભોગવવાની રહેશે.

**૧૩.** ક્રિમિનલ પ્રોસીજર કોડ કલમ ૪૨૮ ની જોગવાઈ ધ્યાને રાખી આરોપીઓ જેટલો સમય જયુ.કસ્ટડીમા રહેલ હોય તેટલો સમય ઉપરોકત સજામાથી મજરે આપવો.

**૧૪.** ક્રિમિનલ પ્રોસીજર કોડ કલમ ૩૬૩ ની જોગવાઈઓ ધ્યાનમા રાખતા આ ઠરાવની એક નકલ આરોપીને તાત્કાલીક અસરથી વિનામુલ્યે પુરી પાડવી.

**૧૫.** અપીલ સમય વિત્યે ક્રિમિનલ મેન્યુઅલ મુજબ તમામ મુદામાલનો નાશ કરવો.

આજરોજ  તા. ૨૯ મી માહે નવેમ્બર સને.૨૦૧૮ ના રોજ હુકમ ખુલ્લી અદાલતમા વાંચી,સંભળાવી જાહેર કર્યો.

**(સવાઈસિંહ એમ.રાજપુરોહિત)**
**જીજે૦૦૫૪૪**
**બીજા એડિશનલ સેશન્સ જજ**
**ધ્રાંગધ્રા**

**તા.૨૯/૧૧/૧૮**
**સ્થળ:ધ્રાંગધ્રા**